**|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||**

# || અધ્યાત્મ ||

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.9428222357

**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦**/–

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || ઈશ્વર આપણી ભીતર જ છે ||

આપણે આકારના એટલા બધા આગ્રહી છીએ કે આંખ જેને જોઈ શકે, કાન જેને સાંભળી શકે, હાથ જેને સ્પર્શી શકે; એને જ આપણે સ્વીકારીએ છીએ. ઈશ્વરનું સંગીત તો સર્વત્ર છે. એ નિરાકાર પણ હોઈ શકે. ફૂલ એ સત્ય છે તો ફૂલની સુગંધ એ પરમ સત્ય છે. ફૂલ દેખાય છે, સુગંધ દેખાતી નથી. ઈશ્વર અનુભૂતિનો વિષય છે. એ આપણે પોતે જ જાણવાનો હોય અને પ્રમાણવાનો હોય. ખુદ અને ખુદા વચ્ચે છેટું નથી. ખુદ જ ખુદા થઈ શકે. પ્રત્યેક માનવની પાછળ માધવ પેખી શકાય જો ભીતરની દૃષ્ટિ ખૂલી હોય તો. ઈશ્વર પ્રત્યેક મનુષ્યના આત્મામાં છે. પરમાત્મારૂપે. એક કથા છે : ઈશ્વર પહેલાં માણસોની વચ્ચે ભરબજારમાં બેસતો હતો. પણ લોકો એટલું માગ માગ કરતા હતા કે તે કંટાળીને ગયો સીધો હિમાલયમાં. ત્યાં સંતો એને જંપવા નહોતા દેતા. ઈશ્વરને જોઈતું હતું પોતાનું એકાંત. પછી તો ખુદ ઈશ્વરને આકાશવાણી સંભળાઈ : 'તું સંતાઈ જા મનુષ્યમાત્રના હૃદયમાં. ત્યાં તને કોઈ ખલેલ નહિ પહોંચાડે. બધા બહારનું જોવામાં પડ્યા છે. કોઈ અંદરનું જોતું નથી.' આમ ઈશ્વર આપણી વચ્ચે હોવા છતાં ક્યારનો આપણી અંદર સંતાઈ ગયો છે. શોધવાનો આપણે એને છે આપણી જ ભીતર !

**–સંકલન**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

'હે રામ !
તું મને એક નવું મન આપ.
જેથી હું સર્વને ત્યજીને
શ્રદ્ધાથી તને જ હંમેશ વળગેલો રહું.
કેમકે તારા વિના રામ
સઘળું વૃથા, રાખ ને ધૂળ છે.'

—સ્વામી રામદાસ



# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| | નિવેદન | | ૫ |
| ૧. | શ્રીયોગેશ્વરકથામૃત | 'મા' સર્વેશ્વરી | ૬ |
| ૨. | 'Obeisances...52 Verses' | શ્રી અર્પિતા દેસાઈ | ૮ |
| ૩. | પરમાત્માનું દર્શન | શ્રી યોગેશ્વરજી | ૧૪ |
| ૪. | એકલવ્યની ગુરુદક્ષિણા | " | ૧૮ |
| ૫. | પૂજામૂલં ગુરુવાક્યમ્ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૩ |
| ૬. | અતિમનસ આવિર્ભાવ | પ્રૉ. મકરંદ બ્રહ્મા | ૨૮ |
| ૭. | શ્રી શ્રી મા આનંદમયી પ્રસંગપરાગ | ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૩૨ |
| ૮. | ગંગાસતીનાં ભજનોમાં તત્ત્વદર્શન | શ્રી નીપા ભટ્ટ | ૪૨ |
| ૯. | પૂ.શ્રી'મા'નો ૪૩મો દીક્ષાદિન | શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી | ૪૮ |
| ૧૦. | સાધના : એક વૈજ્ઞાનિક અભિગમ | શ્રી દર્શના ત્રિવેદી | ૫૮ |
| ૧૧. | બહેનોની પદયાત્રા | શ્રી દિશા ટેલર | ૬૦ |
| ૧૨. | એક ઝેનકથા | શ્રી નીલરત્ન દેસાઈ | ૬૪ |

## નિવેદન : 'અધ્યાત્મ' એટલે શું ?

માનવની એકબાજુ છે વિજ્ઞાન-ટૅકનોલોજી જે એને બાહ્ય સલામતી-સગવડો-સુવિધાઓ આપે છે. એની બીજી બાજુ છે આધ્યાત્મિકતા જે આંતરિક સલામતી, જીવનને સંગીતમય બનાવવાનો રસ્તો બતાવે છે. 'સ્વાતંત્ર્ય-પ્રેમ-શાંતિ'ની આપણી મૂળભૂત જરૂરિયાતો-આ ત્રણે સ્તરની સંવાદિતા શીખવે છે.

માનવ પાસે વિશ્વભરનો વૈભવ, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વસ્ત્ર-ભોજન-રહેઠાણનાં સાધનો હશે પણ શરીરમાં ગરબડ હશે, મન ક્ષુબ્ધ હશે તો આ બધાંની કિંમત રાખ બરાબર ! એથી 'આંતરિક શક્તિ-સહજતા-હળવાશ' બહુ મહત્ત્વના. માનવ વૃત્તિઓની પ્રાકૃતતાને સંસ્કૃત કરનારું બુદ્ધિ-વિવેકયુક્ત પ્રાણી છે, સાથે જ એનામાં દિવ્યતા છે, આ ત્રણે પરિમાણોને જીવતાં શીખે એ જ સાચો માનવ. એ જ એનો માનવધર્મ. એ જ એની ખરી આધ્યાત્મિકતા.

શ્રી વિમલા ઠકાર કહે છે તેમ; 'તમે પણ જીવન જીવવાના કર્મને જ આત્મસાધનાનો મર્મ બનાવો. જીવન જીવતાં જ સ્વરૂપાનુસંધાનનું બળ પ્રાપ્ત કરો. વાણીને મૌનથી નિરંતર પ્રક્ષાલિત રાખો. ચિત્તને સંકલ્પવિકલ્પમુક્ત, પ્રતિક્રિયામુક્ત રાખો. અધ્યાત્મપંથમાં નથી આગળ કે નથી પાછળ. પ્રભુ તમારાથી દૂર તો છે નહિ કે તેના ભણી યાત્રા કરવી પડે. એ તો તમારા પ્રાણોમાં વસે છે. આંખો મીંચી એને યાદ કરો. એ પ્યાર વરસાવે છે. એની અનરાધાર પ્રેમવર્ષામાં આપણે અહર્નિશ ભીંજાયેલાં જ હોઈએ છીએ. જેની આંતરવીણાનો તાર પ્રભુ સાથે જોડાયેલો રહે છે તેનું એકએક કર્મ પ્રભુની પૂજા બની જાય છે.'



## ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૭૫**
**તા. ૩૦-૧-૮૩, રવિવાર, મહા વદ બીજ ૨૦૩૯**
**પોર્ટ ઈલીઝાબેથ**

સવારે નિયમ પ્રમાણે નિત્યકર્મ થયું. મુલાકાત સમયે શ્રી મોહનલાલ મળવા આવે છે. તેમણે પૂ.શ્રી પાસે હસ્તાક્ષરની માગણી કરી. પૂ.શ્રી કોઈને કાંઈ ખાસ લખી આપતા નથી. પણ આજે વળી પૂ.શ્રીએ તેમની નાનકડી હસ્તાક્ષરની બુક લીધી ને લખ્યું-

કેવળ હસ્તાક્ષર લઈને બેસી ના રહેતા.
જીવન ખૂબ જ ટૂંકું છે.
એમાં અક્ષર (અવિનાશી)ની આરાધના કરજો,
અવિનાશીને ઓળખજો.
-યોગેશ્વર, ૩૦-૧-૮૩

લખ્યા બાદ સૌને તે વાંચી સંભળાવવાની સૂચના આપી. તેથી શ્રી મોહનલાલ તે વાંચવા માંડ્યા. ત્યારે વચ્ચે પૂ.શ્રીએ આનંદ વ્યક્ત કરતાં કહ્યું કે, આગળ શું લખ્યું છે? હા. વાંચો જોઉં.

પૂ.શ્રીના ઉદ્ ગારમાં, જાણે કોઈ ત્રીજી જ વ્યક્તિએ લખાણ લખ્યું હોય એવો ભાવાર્થ હતો. સાચે જ પૂ.શ્રીની કલમ પાછળ પરમશક્તિ જ કામ કરે છે. એથી તો ઘણીવાર પોતાનું લખાણ પાછળથી પોતે જ વાંચે ત્યારે તેઓ બાળસહજ આનંદ વ્યક્ત કરતા હોય છે.

શ્રી મોહનલાલે પૂ.શ્રીની બોલતી ફિલ્મ ઉતારી, જેમાં તે ભાઈની ઈચ્છા મુજબ પૂ.શ્રીએ 'તરણા ઓથે ડુંગર' વિષે નાનકડો સુંદર સંદેશ આપ્યો.

મુલાકાતમાં અહીં આવી ગયેલા ધર્મપ્રચારકો વિષે વાતો થાય છે. એમણે જનતામાં જે જાગૃતિ ફેલાવી તે અંગે વાતો થાય છે. મુલાકાત બાદ તે ભાઈ વિદાય થાય છે.

થોડોક આરામ કરીને સાંજે સાડા છ વાગ્યે પ્રવચન માટે હૉલમાં જવાનું બને છે. આજે ગાંધી-નિર્વાણ દિન છે તેથી વિશેષ પ્રાર્થનાનું આયોજન થયું છે. પ્રાર્થનામાં 'વૈષ્ણવજન', 'રઘુપતિ રાઘવ' ધૂન વગેરેનો કાર્યક્રમ અહીંના હૉલમાં થયો.

પછી પૂ.શ્રીનું પ્રવચન થયું. જેમાં તેમણે ગાંધીજીના અને મહર્ષિ દયાનંદના જીવન-પ્રસંગો વણી લીધા.

પ્રવચનને અંતે આભારદર્શનમાં અહીંના કાર્યકર્તાએ કહ્યું: આવા સંતમહાત્માઓને આ દેશમાં ઓછામાં ઓછા એક વરસ માટે રાખવા જોઈએ. એમ, અવારનવાર અહીં આવનારા આવા સંતો મારફત ધર્મનો દિવ્ય પ્રકાશ પથરાય તો હિન્દુ ધર્મની સર્વોત્તમ સેવા થઈ શકે. યોગેશ્વરજી ફરીથી પણ અહીં પધારે એવી વિનંતિ છે.

પ્રવચન બાદ જગદીશ નામના એક યુવાન વિદ્યાર્થીને પૂ.શ્રી હસ્તાક્ષર આપે છે, જેમાં તેના નામના જ અર્થવાળો સુંદર સંદેશો અંગ્રેજીમાં લખી આપે છે. એ પછી, અહીંના 'ઈવનિંગ પોસ્ટ' નામના દૈનિક પેપરમાં અંગ્રેજીમાં જે પરિચય-નોંધ આપવાની હતી. તે પૂ.શ્રીએ જગદીશ પાસે જ લખાવી. પૂ.શ્રી બોલતા ગયા ને જગદીશે લેખન કર્યું.

ત્યારબાદ અમે ઉતારા ઉપર આવ્યાં. ત્યારે કોઈ ભાઈએ કહ્યું કે, આજનું પ્રવચન કમાલ હતું.

ઉતારા ઉપર આરામ.

હરિઃ ૐ

**—'મા' સર્વેશ્વરી**



## ॥ "Obeisances to our Gurudev Prabhu's Divine form of 52 Verses" ॥

(Note : The following has been compiled from Adhyatma of september 2007, pages 15 to 18.2007 was the year, Swargarohan underwent a major remodelling and reconstruction, Pujya Maa and many devotees had offered their physical presence and services in the reconstruction project.)

If a stranger were to ask :

Question : Did you have the ritual of "Bhoomi-Pujan"-worship ceremony of the Land, before the reconstruction ?

Answer : Yes.

Question : You had those rites performed by which famous learned pundit ?

Answer : well, in Swargarohan, all the aspirants are priests and all devotees are learned pundits. All the children (of Maa Prabhu) recited the Bavani[1] and thus the ceremonial rites were accomplished.

[1]Bavani : A hymn or psalm for a particular Hindu deity, with 52 lines/verses in it. Bavan=fifty two. Thus a song of 52 verses is a Bavani.

The 52 verses of the prayer are as if 52 copper pitchers filled with the Holy waters of the Ganga, being offered as ablutions at the Lotus Feet of Shree Gurudev Prabhu.

The 52 lines of this hymn are the sublime seeds, which are being sown in every speck of Swargarohan. At some blessed moment they will grow, bear fruit. The Supreme fruit of Divine Vision will certainly be obtained, on this Divine Vine, one blessed moment.

This prayer hymn is a favorite of alll-young and old. Everyone has even memorized it by heart.

This sacred hymn, When sung at the onset of any task in Swargarohan, becomes the Psalm of Service for Shree Gurudev Prabhu.

When sung at the conclusion of any task in Swargaroha, this sacred hymn becomes the 'Acclamation of Victory'.

During the farewell ceremony of a tree-this sacred hymn becomes the "Psalm seeking Forgiveness".

When sung during the relocation of a tree, this sacred hymn becomes the Stanzas of 'The



first entry into a home' Ceremony. (Griha Pravesh Ceremony).

It becomes an auspicious oil lamp felicitating and welcoming all big and small events and occasions.

This sacred song becomes a glacier for the aspirants scorching in the tri-fold afflictions of the world.

This prayer becomes the infallible, efficacious medicine for all forms of incurable diseases.

This very prayer is the subtle ladder to Divine Vision.

This prayer is also the superlative tool to Salvation.

This very prayer is also the "Kalpa Vriksha"-Wish fulfilling divine tree, of the devotees. Yes ! This hymn of praise, has fulfilled the auspicious desires of many devotees (like a Kalpa Vriksha), till date.

Every single letter of this hymn is as if a single boat crossing the ocean of worldly existence.

This hymn is as if Gurudev Prabhu's Intellec-

tual Manifestation.

The first line of this Hhmn is Shree Gurudev Prabhu's Crown.

"Shree Yogeshwar Jai Gurudev"

The last verse of this hymn are Shree Gurudev Prabhu's Lotus Feet.

"Raksho Bhavasagar tanaa Vighno Thaki Tamaam".

This psalm is the Serpent-Shesha, and the celestial body of our Shree Gurudev Prabhu rests on its verses.

This prayer is Lord Shree Krishna's Flute. It grants the Bliss of the Gita.

Lord Shiva's Shiva Mahimna Stotra is also embedded in this prayer.

The Elixir of "Durga Sapta Shati"-(The Song of 700 verses sung) for the Supreme Energy of the Universe is also found in this prayer.

The 52 lines of this psalm, are as if a Bhagwat scripture, narrating the life-stories of 52 incarnations.

The 52 lines of this garland of praise are also becoming the Vertebral Column of Swargarohan's Reconstruction.



Maa Sarveshwari's abode of Happiness-Shree Yogeshwarji resides in that garland of praise.

This prayer contains as many Lotus feet and Lotus ears of Shree Gurudev Prabhu in it, as the number of alphabets the prayer is made up of. Therefore, with His innumerable ears He hears everyone's recitation of the hymn. He sees everyone, experiences everyone with His innumerable Lotus Eyes. He perpetually blesses everyone with His countless Lotus-hands. He runs with His countless Lotus-feet and destroys everyone's sorrow.

Many "Assurances of safety" also reside in that Prayer :

1. Peace is obtained

2. Anxiety is annihilated

3. Torpidity is removed

4. Fear is destroyed

5. Safety and well being are assured, all wishes shall be fulfilled.

These 5 great verses-5 major places of pilgrimage-are like the life of the devotees.

This prayer is like a Royal Palace with 52

rooms, where Shree Gurudev Prabhu eternally resides.

This prayer is a liberating garden of 52 'Kalpa-Vrikshas'-Wish fulfilling divine trees.

The curvature of every alphabet is Shree Gurudev Prabhu's 'Tri-bent Pose'.

Oh ! Divine Celestial body of Shree Gurudev Prabhu in the form of 52 verses, My obeisances to you ! Salutations to you, over and over again !

Oh ! Gurudev Prabhu, to your manifest form, Pranam, Pranam, Pranam.

**–'Maa' Sarveshwari**

**(Translated by Arpita Desai)**

'ચૂપ થઈ જાઓ. સાંભળો. પરમાત્મા બોલી રહ્યો છે. તમારી ભીતર પણ એ જ બોલી રહ્યો છે. તમારા હૃદયની અતલ ગહરાઈમાંથી એનો અવાજ આવી રહ્યો છે. પણ તમે પોતાના વિચારોમાં એટલા ખોવાયેલા છો, એટલો કોલાહલ તમે પેદા કર્યો છે કે એ કેવી રીતે સંભળાય? પરમાત્મા તમને જ ખોજી રહ્યો છે પણ તમે હંમેશાં ક્યાંક બીજે છો, તમે જ્યાં છો ત્યાં નથી. પ્રાર્થના શરૂ થાય છે પરમાત્માના બોલવાથી ને પૂરી થાય છે તમે સાંભળો એમાં !



# ॥ પરમાત્માનું દર્શન ॥

માણસ જ્યારે પોતાની અંદર રહેલા પરમાત્માને જોઈ લે છે ત્યારે બધી જાતના ભેદભાવમાંથી મુક્તિ મેળવે છે. ત્યારે જ તે સાચા અર્થમાં જ્ઞાની કહેવાય છે. જ્ઞાન એટલે જાણવું. એટલે જેણે આત્માને જાણ્યો કે અનભવ્યો છે તેને જ સાચા અર્થમાં જ્ઞાની કહી શકાય. તેવો અનુભવી પુરુષ આત્મા કે પરમાત્મા વિશે બહુ વાદવિવાદ નથી કરતો. વાદવિવાદ કરવાનું તેને કોઈ કારણ જ નથી રહેતું, કેમકે તેને આત્માનો અપરોક્ષ અનુભવ થઈ ચૂક્યો છે. એટલે તેના તે વિશેના સઘળા સંશયો શાંત થાય છે, શમી જાય છે, ને સૌમાં આત્માનો અનુભવ કરતાં તે સંપૂર્ણ શાંતિ ને તૃપ્તિપૂર્વક જીવનમાં સહજ કર્મો તદ્દન તટસ્થભાવે કરતો રહે છે. એવો અનુભવી જ્ઞાની બધી જાતના બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ કહેવાય છે. તે આત્માનું દર્શન જેને-તેને નથી થતું. તેના દર્શન માટે સતત સાધના ને ઊંડી અંતરશુદ્ધિની જરૂર પડે છે. જે સત્યપરાયણ ને તપમય જીવન જીવે છે, વિવેકી ને સંયમી બને છે, તે તેને મેળવી શકે છે.

તે પરમાત્મતત્ત્વ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ ને દૂરથી પણ દૂર છે. તે છતાં તદ્દન નજીક-સૌની અંદર રહેલું છે. આંખ ને વાણી તથા ચળકાટ, આકર્ષણ, પ્રભાવ ને સ્વાદથી પર થઈને અંદરના ખજાનાની શોધમાં આદુ ખાઈને રાતદિવસ આગળ વધવું જોઈએ. જેમનો સ્વભાવ ટીકા ને નિંદા જ કરવાનો છે, ને જે આપણને બરાબર જાણતા નથી ને જાણવાની પરવા પણ કરતા નથી, તેવા લોકોના અભિપ્રાયોને લેશ પણ ગણકાર્યા વિના, પરમાત્મા પર શ્રદ્ધા રાખીને સદા આગળ ને આગળ વધતા રહેવું જોઈએ. આત્મદર્શનનો માર્ગ તો પ્રમાણમાં ઘણો સહેલો ને

સફળતાવાળો થઈ શકે એમાં શંકા નહિ. સાધકોએ આ વાત સદાને સારુ યાદ રાખવાની છે.

**પરમાત્માદર્શી પુરુષની પૂજા ને આત્મસાક્ષાત્કારની શરત**

માનવજીવનની પળેપળે જાગ્રત રહીને તેમજ વચગાળાનાં પ્રલોભનો ને ભયસ્થાનોને પાર કરીને જે બડભાગી પુરુષે પરમાત્માની પ્રાપ્તિ કરી લીધી, તેને ખરેખર ધન્યવાદ ઘટે છે. જીવનની સફળતા તેણે સાધી લીધી. એવા મહાપુરુષનાં દર્શન ને સમાગમથી બીજાને પણ બળ મળે છે ને પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. માનવજાતિ તેવા સ્વાનુભવવાળા મહાપુરુષોની ખરેખર ઋણી છે. દિલની દુનિયામાં ઊંડે ને ઊંડે ડૂબકી મારીને તેમણે પરમસત્યના મૂલ્યવાન મોતીની શોધ કરી છે, ને તેમને જે જડ્યું છે તે તેમણે યથાર્થતાને વફાદાર રહીને સંસારના શ્રેયને સારું રજૂ કર્યું છે. એવા મહાપુરુષોના પુરુષાર્થ વિના ઈશ્વર, પરલોક, માનવતા ને આધ્યાત્મિકતાનાં ઉપયોગી રહસ્યોથી માનવજાતિ ખરેખર વંચિત રહી જાય. તેવા પુરુષોને મળવાની ઇચ્છા કોને ન થાય ને તેમનાં દર્શનથી કોનું અંતર ન ઊછળે ? તેમનો વારંવાર સમાગમ કરવાનું ને તેમને પૂજ્ય માનીને પૂજવાનું મન કોને ન થાય ? તેવા અનુભવી મહાપુરુષ પ્રભુના પ્રતિનિધિ છે, કહો કે પ્રકટ પ્રભુ જેવા છે. તેમની સેવા ને પૂજા જરૂર કરવી. તેથી ઘણો જ લાભ થાય છે. એટલું ધ્યાન જરૂર રાખવું કે પૂજા કરીને તેટલામાં જ તૃપ્તિ માનીને બેસી રહેવાની વૃત્તિ ન કેળવાય. પૂજા કરવાની સાથેસાથે તેમના જીવનમાંથી પ્રેરણા મેળવીને જીવનને ઉજ્જવળ કરવા જરૂરી પુરુષાર્થ પણ કરતા રહેવું.

ઋષિ એવા આત્મદર્શન કરી ચૂકેલા મહાપુરુષની પૂજા કરવાની ભલામણ કરે છે ને કહે છે કે તેવા પુરુષની સેવાપૂજાથી



જીવનમાં ક્રાંતિ થાય છે ને માણસ આ સંસારને તરવાની તાકાત મેળવે છે. તેવો માણસ ધીરેધીરે કે ક્રમેક્રમે જુદીજુદી કામનામાંથી મુક્તિ મેળવી પરમાત્મામાં તૃપ્ત થઈને જીવે છે. પરિણામે તે જીવનને જીતી લે છે.

પરમાત્માનું દર્શન વેદના અભ્યાસ, રટણ કે પારાયણથી નથી થતું. તે માટે આગળ કહ્યું છે તેમ બહુ ઊંડી બુદ્ધિ, ભાષણ ને શ્રવણની પણ જરૂર નથી. એનો અર્થ એવો પણ નથી કે વેદનો અભ્યાસ, ઊંડી બુદ્ધિ ને સંભાષણ કે શ્રવણ જીવનમાં નકામાં છે ને તેનો અનાદર કરતાં શીખવું જોઈએ. તે બધાંનો રસ કે શોખ આત્માનુભવના માર્ગમાં અંતરાયરૂપ નથી. બધી જાતની વિદ્વત્તા ને કળા જીવનને જોમવંતું ને રસાળ બનાવે છે ને તેમના વિવેકપૂર્વકના ઉપયોગથી બધી રીતે લાભ થાય છે. ફક્ત તેના નશામાં ડૂબીને માણસ સદાચાર કે હૃદયશુદ્ધિ ને પરમાત્માના પ્રત્યક્ષ અનુભવના કે આત્મોન્નતિના અગત્યના કામને ન ભૂલે એટલું જ ધ્યાન રાખવાનું છે. એટલા હેતુને સાચવવાનું ધ્યાન રાખીને જીવન ને જગતને વધારે સુખમય ને સમૃદ્ધ કરવાની બધી જ વિદ્યા, કળા, શક્તિ ને શોધોનું આપણે સ્વાગત જ કરીશું. સાથેસાથે એમ પણ કહીશું કે પરમાત્માના અનુભવ માટે તે બધાંની જરૂર છે જ એમ પણ નથી. તે વિના પણ માણસ પરમાત્માની પાસે પહોંચી શકે છે.

પરમાત્માની પ્રાપ્તિ માટે કેવળ રૂઢિ કે રુચિને વશ થઈને વિવેકનો ઉપયોગ કર્યા વિના મનને ફાવે તેવાં ઘોર તપ કરવાની જરૂર નથી; કેવળ શરીરબળના જ હિમાયતી બનવાની ને શરીર તરફ ઉદાસીન થવાની પણ જરૂર નથી; શરીર ને મનને મજબૂત ને નીરોગી કરવાની જરૂર છે; વિવેકી થવાની ને જરૂર પ્રમાણેનાં વ્રત, તપ ને નિયમનું પાલન કરવાની તથા અભ્યાસ

ને શ્રવણ કરવાની પણ જરૂર છે જ; પરંતુ તે બધું ગૌણ છે. પરમાત્માની પ્રાપ્તિ માટેની મુખ્ય જરૂર તો પરમાત્માને મેળવવાનો મક્કમ નિશ્ચય કરવાની ને તે માટે બનતો ભોગ આપવા તૈયાર રહેવાની છે. માણસે મન, વચન, કર્મથી પરમાત્માને વરવાનું છે ને પરમાત્માના જ થઈ રહેવાનું છે. મુખ્ય સાધન તે જ છે. તે પ્રમાણે આગળ વધનારનું જીવન જરૂર સફળ થાય છે ને પરમાત્માના સાક્ષાત્કારથી ધન્ય બને છે.

આટલી તૈયારી છે ? દુઃખ, ચિંતા, યાતના ને પ્રતિકૂળતામાંય પરમાત્માને ભજવાની ને વળગી રહેવાની તૈયારી છે ? ગમે તેવી નિષ્ફળતા મળે ને વિરોધી વાતાવરણમાં રહેવું પડે તોપણ, અડગ શ્રદ્ધા ને હિમ્મતથી પરમાત્માની પ્રાપ્તિને પંથ આગળ ને આગળ વધવાની તૈયારી છે ? તો પરમાત્માની પ્રાપ્તિ જરૂર થશે ને ગમે તેવું કઠિન દેખાતું ધ્યેય પણ સહેલું બની જશે. દૃઢ ઈચ્છાશક્તિ, વિવેક ને પુરુષાર્થની જરૂર છે. તે જ બળ છે. તેવા બળથી બળવાન બનેલા પુરુષો જ પરમાત્માને મેળવી કે ઓળખી શકે છે. તેવા પુરુષો રાગદ્વેષથી રહિત, શાંત ને ધન્ય બને છે. પૃથ્વીના પ્રત્યેક પરમાણુમાં તેમને પરમાત્માની પરમ સત્તાનું દર્શન થાય છે. તેમને કોઈ શોક નથી રહેતો, ભય નથી રહેતો, ને પાપ પણ તેમની પાસે નથી ફરકતું. નદી જેવી રીતે સાગરમાં મળી જાય ને એકાકાર બની જાય તેવી રીતે તે પરમાત્મા સાથે એકાકાર થઈ જાય છે ને પ્રભુમય બની જાય છે.

**–શ્રી યોગેશ્વરજી**
(ઉપનિષદનું અમૃત)



# ॥ એકલવ્યની ગુરુદક્ષિણા ॥

દ્રોણાચાર્યે કૌરવો તથા પાંડવોને ધનુર્વિદ્યામાં અને અનેક પ્રકારનાં અસામાન્ય શસ્ત્રાસ્ત્રોના પ્રયોગમાં પારંગત કરવા માંડ્યા ત્યારે કેટલાક બીજા રાજાઓ અને રાજપુત્રો પણ એમની પાસે શસ્ત્રવિદ્યાને શીખવાની આકાંક્ષાથી એકઠા થયા. વૃષ્ણીઓ, અંધકો અને કર્ણે પણ એમની પાસે પહોંચીને એમની અસાધારણ વિદ્યાશક્તિનો લાભ લેવા માંડ્યો.

સૂતપુત્ર કર્ણ અર્જુનની સ્પર્ધા કરતો અને દુર્યોધનનો આશ્રય લઈને પાંડવોને અપમાનિત બનાવતો.

અર્જુન ધનુર્વેદનું વધારે ને વધારે જ્ઞાન મેળવવાની મહેચ્છાથી પ્રેરાઈને સદા દ્રોણાચાર્યની સાથે રહેતો. ઉત્તમ શસ્ત્રાસ્ત્રોના પ્રયોગોમાં, શીઘ્રતામાં તથા સરળતામાં અર્જુન સર્વે શિષ્યો કરતાં ઉત્તમ બન્યો. દ્રોણાચાર્ય પોતે પણ એનું વિશેષ ધ્યાન રાખીને એને સવિશેષ સ્નેહથી નિહાળવા લાગ્યા.

પોતાના પુત્ર અશ્વત્થામાને પણ એ અનુકૂળતા મળતાં કેટલાક વિશિષ્ટ પ્રયોગો શીખવવા માંડ્યા.

અર્જુનની ગુરુભક્તિ, શ્રદ્ધાભક્તિ અને શસ્ત્રાસ્ત્રવિદ્યાને ગ્રહણ કરવાની અસાધારણ શક્તિથી પ્રસન્ન થઈને એમણે એને જણાવેલું કે જગતમાં તારા જેવો કોઈ બીજો ધનુર્ધર ના થાય તેનું હું ધ્યાન રાખીશ.

એ દિવસોમાં નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર એકલવ્ય એમની પાસે વિદ્યાપ્રાપ્તિની ઈચ્છાથી ઉપસ્થિત થયો.

એણે પોતાને શિષ્ય તરીકે સ્વીકારવાની માગણી કરી પરંતુ એને ભીલપુત્ર જાણીને અને અન્ય રાજકુમારોનો વિચાર કરીને એમણે એનો શિષ્ય તરીકે સ્વીકાર ના કર્યો.

એકલવ્ય સુદૃઢ શ્રદ્ધાભક્તિ ધરાવતો હોવાથી નિરાશ ના થયો.

એણે દ્રોણાચાર્યને પરમપૂજ્યભાવે વંદી, મનોમન ગુરુ બનાવી, ત્યાંથી પ્રયાણ કરીને અરણ્યમાં જઈને એમની માટીની મૂર્તિ બનાવીને એની આગળ ધનુર્વિદ્યાના પ્રયોગોને પ્રારંભ્યા.

ગુરુએ શિષ્યનો સ્વીકાર ના કર્યો પરંતુ તેથી શું થયું ? શિષ્યે ગુરુનો સ્વીકાર કરી લીધો એટલે એનું કામ થઈ ગયું. એની ભાવનાનો વિજય થયો. એની સાધનાની સફળતાનો માર્ગ મોકળો બન્યો.

શિષ્ય ગુરુમાં શ્રદ્ધા રાખે ને ગુરુને સર્વસમર્પણ કરીને પોતાના મનમાં અથવા અંતરના અંતરતમમાં ધારે એટલે એનું કાર્ય મહદંશે પરિપૂર્ણ થાય.

માટીની મૂર્તિમાં ગુરુની ભાવના કરીને એકલવ્યે યમનિયમનું પરિપાલન કરીને પોતાની જાતને ધનુર્વિદ્યાના તથા શસ્ત્રાસ્ત્રવિદ્યાના પ્રયોગોમાં જોડી દીધી.

મક્કમ અને એકાગ્ર મનને લીધે સ્વલ્પ સમયમાં તો એ એમની પરાકાષ્ઠા પર પહોંચી ગયો. સહજ સંપૂર્ણ સિદ્ધિને પામ્યો.

એક વાર દ્રોણાચાર્યની આજ્ઞાથી કૌરવો અને પાંડવો મૃગયા



માટે રથોમાં બેસીને વનમાં નીકળ્યા. ત્યાં એમણે શિકાર કરવાના સાધન તથા કૂતરા સાથે વિચરતા કોઈક માનવને નિહાળ્યો.

તે કૂતરો વનની વાટે એકલો આગળ વધીને ધનુર્વિદ્યાના પ્રયોગો કરતા એકલવ્ય પાસે પહોંચી ગયો.

જટાધારી એકાંત-પ્રિય એકલવ્યને જોઈને તે ભસવા માંડ્યો એટલે એકલવ્યે એને ભસતો બંધ કરવા માટે એના મુખમાં કુશળતાપૂર્વક સાત બાણ માર્યાં.

એ બાણથી કૂતરો મર્યો નહિ કે ઘાયલ ના થયો. ફક્ત મૂંગો બની ગયો.

એવી અવસ્થામાં એ પાંડવો પાસે આવીને ઊભો રહ્યો ત્યારે પાંડવો એને અવલોકીને આશ્ચર્યચકિત બની ગયા. એમની બુદ્ધિ કે સમજશક્તિ કાંઈ કામ ના કરી શકી.

એવી ધનુર્વિદ્યાની પારંગતતા એમણે ક્યાંય કોઈવાર પેખી નહોતી.

એની કલ્પના પણ નહોતી કરી.

બાણ મારનારની પારંગતતાની તે પ્રશંસા કરવા લાગ્યા.

વનમાં વિહરતા પાંડવો આખરે વનની અંદરના ભાગમાં વસીને ધનુર્વિદ્યાના પ્રાણવાન પ્રયોગો કરનારા યુવાન એકલવ્ય પાસે પહોંચી ગયા. એકલવ્યનું બાહ્ય સ્વરૂપ બદલાઈ ગયું હોવાથી એ એને ઓળખી શક્યા નહિ.

એનો પરિચય પૂછવામાં આવતાં એણે એની ઓળખાણ

આપતાં કહ્યું કે હું નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર ને દ્રોણાચાર્યનો એકનિષ્ઠ શિષ્ય એકલવ્ય છું.

પાંડવો એનો પરિચય પામીને આશ્ચર્યચકિત અને આનંદવિભોર બનીને પાછા આવ્યા અને દ્રોણાચાર્ય સમક્ષ એની પ્રશંસા કરવા લાગ્યા. એકલવ્યની પ્રશંસા સાંભળીને અર્જુને દ્રોણાચાર્યની આગળ પોતાના વેદનામય મનોમંથનને વ્યક્ત કરતાં જણાવ્યું કે તમે મને સંસારનો સર્વોત્તમ ધનુર્વિદ્યાવિશારદ બનાવવા માગતા'તા પરંતુ એકલવ્ય મારાથી અનેકગણો આગળ વધી ગયો છે !

અર્જુનને એકલવ્યની ઈર્ષા થઈ. એ તેજોદ્વેષનો શિકાર બની ગયો.

ગુરુ દ્રોણાચાર્ય પણ એવી રીતે જ વિચારવા લાગ્યા. એમણે એકલવ્યને અપંગ કરી નાખવાનો પરમઘાતક પારધિ જેવો ભયંકર સંકલ્પ કર્યો.

અર્જુનને લઈને એ ધનુર્વિદ્યાના સતત પ્રયોગો કરી રહેલ એકલવ્ય પાસે આવી પહોંચ્યા એટલે એકલવ્યે એમને ઓળખીને એમના ચરણોમાં પરમપૂજ્યભાવે પ્રણામ કરીને એમનું શિષ્ય તરીકે વિધિપૂર્વક પૂજન કર્યું.

પૂજનવિધિને પૂરી કરીને એ હાથ જોડીને પોતાની શિષ્ય તરીકે ઓળખાણ આપીને ઊભો રહ્યો. એટલે દ્રોણાચાર્યે ગુરુદક્ષિણાનું સ્મરણ કરાવ્યું. એકલવ્યે ગુરુદક્ષિણામાં સર્વ કાંઈ સમર્પવાની તૈયારી બતાવી એટલે દ્રોણાચાર્યે સહજ પણ સંકોચ



સિવાય, નિર્દયતાનું નગ્ન અમાનવીય તાંડવનૃત્ય કરાવતાં, એના જમણા હાથનો અંગૂઠો માગી લીધો. જમણા હાથનો અંગૂઠો એટલે ધનુર્વિદ્યાની જીવાદોરી. એના સિવાય ધનુર્વિદ્યાની કલ્પના પણ ના કરી શકાય. સત્યપ્રતિજ્ઞ ગુરુભક્ત એકલવ્યે પ્રસન્નતા તથા ઉદારતાપૂર્વક, પોતાના જમણા હાથના અંગૂઠાને કાપીને ગુરુને અર્પણ કર્યો. કશો વિરોધ કે વિવાદ ના કર્યો.

એકલવ્ય આંગળીઓથી બાણને મારવા લાગ્યો તોપણ પ્રથમની પ્રવીણતાને પ્રાપ્ત ના કરી શક્યો. એની ગુરુભક્તિ શકવર્તી ઠરી ને વિજયી બની, પરંતુ દ્રોણાચાર્યની શિષ્યપ્રીતિ પાંગળી ઠરી. ગુરુદક્ષિણામાં જમણા હાથનો અંગૂઠો માગવાને બદલે દ્રોણાચાર્યે એકલવ્ય પાસે યુદ્ધમાં ભાગ ના લેવાની અથવા ભવિષ્યના સંભવિત યુદ્ધમાં ને સદા અર્જુનની પડખે ઊભા રહેવાની અને ધનુર્વિદ્યાના વિષયમાં અર્જુનથી આગળ ના વધવાની કે અર્જુનના સમકક્ષ રહેવાની માગણી કરી શક્યા હોત. પરંતુ દ્રોણાચાર્ય તથા અર્જુનને એવું ના સૂઝવાથી એકલવ્ય જેવા નિર્દોષ નવયુવાન આત્માનો એની અદ્‌ભુત અસાધારણ વિદ્યા સાથે અકાળે જ અંત આણ્યો. છતાં યાવચ્ચંદ્રદિવાકરૌ જીવંત રહીને પ્રેરણા પ્રદાન કરતી રહી એની અલૌકિક શ્રદ્ધા અને સમર્પણભાવના ! એકલવ્ય અમર બન્યો.

**—શ્રી યોગેશ્વરજી**

**(મહાભારતના મોતી)**

---

'Since I came into your shade, I am the sun in the sky.'

# ॥ पूजामूलं गुरुवाक्यं ॥

'ગુરુ'નો અર્થ કરવામાં આવે છે કે 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ. અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ પ્રતિ દોરી જાય તે ગુરુ, પરંતુ જ્ઞાનપ્રકાશ થતાં અજ્ઞાનના અંધકારનું અસ્તિત્વ ટકે છે ખરું ?

વ્યક્તિ પોતે પોતાનો હાથ સામે હોય તો પણ જોઈ શકે નહિ તેવા ગાઢ અંધકારમાં કોઇ એક દીપક પ્રગટાવે, તો આખો ખંડ પ્રકાશિત થઈ જાય છે. એ પછી તમે અંધકારને શોધવા જાવ તો એ ક્યાંય હાથ લાગતો નથી. ગુરુ એ રીતે અજ્ઞાનના અંધકારને દૂર કરે છે કે એકવાર એ અજ્ઞાન એના જ્ઞાનના પ્રકાશથી દૂર થાય, પછી પાછું આવતું નથી. એને ક્યાંક એવું અદશ્ય કરી મૂકે છે કે જે પછી શિષ્યને જીવનભર પુનઃ દષ્ટિગોચર થતું નથી.

ગુરુ શિષ્યના ચિત્તમાંથી અનેક પ્રકારના અહંકાર અળગા કરે છે. એ અજ્ઞાની હોય તો જ્ઞાન આપે છે. એ બંધનમાં જીવતો હોય તો 'સા વિદ્યા, યા વિમુક્તયે'ની માફક એને બંધનમાંથી મુક્તિ અપાવે છે, પણ ગુરુનું પહેલું કાર્ય તો શિષ્યના ચિત્તમાંથી અહંકારના અંધકારને દૂર કરવાનું છે. જેમ અંધકાર પકડવો સહેલો નથી, એમ અહંકાર પકડવો પણ સરળ નથી. અહંકાર એવો છટકણો પદાર્થ છે કે વ્યક્તિ પોતે પોતાની ભીતરમાં રહેલા અહંકારને પકડી શકતી નથી. એ એટલો સૂક્ષ્મ હોય છે કે કદાચ એ અહંકાર દેખાય તો પણ એ એના હાથમાંથી સરી જાય છે.

આ અહંકારનાં અનેક સ્વરૂપો છે. કેટલાકને ક્રિયાનો અહંકાર હોય છે, પોતે ધર્મક્રિયા કરી શકે છે એમ સતત દર્શાવ્યા



કરે છે ને સમય જતાં એનો ઝોક ધર્મની આરાધનાને બદલે અહંકારની ઉપાસના બની જાય છે. સળંગ આઠ દિવસના ઉપવાસનું અઠ્ઠાઈ તપ કરનાર કે પછી શ્રાવણ માસમાં નિર્જળા ઉપવાસ કરનાર પોતાની ક્રિયાની વાત કરે છે, પરંતુ એ ક્રિયાના પ્રયોજનને વીસરી જાય છે. એના મનમાં સતત ક્રિયા ઘૂમતી હોય છે, દિવસભર એ વિચારતો હોય છે કે આજે મારે ઉપવાસ છે, ભોજન કરવાનું નથી, પરંતુ એ ઉપવાસ દ્વારા જે સાધના કરવાની છે, એ સાધના એના જીવનમાં પ્રવેશતી નથી.

જૈનદર્શનમાં ઉપવાસનો અર્થ છે - 'ઉપ' એટલે પાસે અને 'વાસ' એટલે એની નજીક વસવું. આનો અર્થ એ થાય કે વ્યક્તિ એ સમયે સઘળી બાહ્ય પ્રવૃત્તિઓ ત્યજીને પોતાના આત્માની સમીપ રહે છે, પણ ઉપવાસ કરનારને તમે પૂછશો કે આજે ઉપવાસ કરીને તમારા આત્મા સાથે શી વાત કરી ? કેટલું આત્મજ્ઞાન પામ્યા ? કે પછી આંતરદર્શનથી કેટલા સ્વદોષોનું નિરીક્ષણ કર્યું ? પારખેલા એ દોષોને દૂર કરવા માટે કેવો સંકલ્પ કર્યો ? કેટલો સ્વાધ્યાય કર્યો ? તો ઉપવાસી વ્યક્તિ કહેશે કે એણે ઉપવાસ કર્યા, પણ આવું કશું એ ક્યારેય કરતો નથી.

ક્રિયા બહુ સરળતાથી અહંકારનું રૂપ લે છે. તમે કરી શકો છો અને બીજા નથી કરી શકતા એવી તુલના માટે અને એ કહેવા માટે આવી વ્યક્તિ અતિ આતુર હોય છે. ગુરુ આવો ક્રિયાનો અહંકાર તોડે છે, કારણ કે એ ક્રિયાની પાછળ રહેલા ભાવ પર એ લઈ જાય છે. વર્તમાનમાં ધર્મક્ષેત્રે તો ક્રિયાનો એટલો બધો અહંકાર જોવા મળે છે કે વ્યક્તિ પોતે કરેલી ક્રિયાનું સતત બાહ્યપ્રદર્શન કરતી હોય છે. ધર્મક્રિયા એ ભીતરની બાબત છે. આંતરપરિવર્તનનું માધ્યમ છે. એને બહારની દુનિયા સાથે

કશી લેવાદેવા નથી, પરંતુ પેલો અહંકાર વ્યક્તિને બહારની દુનિયામાં ભમતો રાખે છે અને પછી તપ એ એની પ્રસિદ્ધિ કે મહિમા પ્રાપ્તિનું સાધન બની જાય છે.

બીજો અહંકાર છે જ્ઞાનનો અહંકાર. જેમ જેમ વ્યક્તિ જ્ઞાન મેળવતી જાય, તેમ તેમ એના મનમાં ગર્વ જાગે છે. પહેલાં એ જ્ઞાની થવા પ્રયત્ન કરે છે. ગહન ગ્રંથોનો અભ્યાસ કરે છે, પછી ધીરે ધીરે એને એમ લાગવા માંડે છે કે પોતાની આસપાસ તો માત્ર અજ્ઞાની લોકો જ એકત્રિત થયા છે. પરિણામે સમય જતાં એના મનમાં જ્ઞાનનો અહંકાર જાગે છે અને પછી એ પોતે જ એને પોષવા પ્રયત્ન કરે છે. એ પોતાના જ્ઞાન વડે પોતાની જાતને બીજાથી ચડિયાતી સિદ્ધ કરવા યત્ન કરે છે. એ અહંકાર વધે તે માટે બીજા સાથે શાસ્ત્રાર્થ કરે છે અને એમાં વિજય પ્રાપ્ત કરીને દિગ્-દિગંતમાં પોતાની કીર્તિ ફેલાવવા માગે છે.

આમાં જ્ઞાન એ એના ચિત્તમાં પ્રકાશ ફેલાવવાને બદલે અહંકાર ફેલાવે છે. સમય જતાં આ જ્ઞાનનો અંધકાર એ વ્યક્તિને સીમિત અને સંકુચિત બનાવી દે છે અને એ પોતે જાતે જ નૂતન કે મૌલિક જ્ઞાનનાં દ્વારો ભીડી દે છે. કોઈ નવી વાત સ્વીકારવા માટે તૈયાર થતો નથી, કારણ કે પોતાને સર્વજ્ઞ માની બેઠો છે. જ્ઞાનનો અહંકાર જાગતાં વ્યક્તિની જ્ઞાન-પૂજા બંધ થઈ જાય છે. એ સઘળા પ્રયત્નો પોતાના અહંકારને પોષવા માટે કરતો રહે છે. અન્યને જ્ઞાની બનાવવા કરતાં પોતાના અહંકારનું પોષણ મહત્ત્વનું બની જશે.

ગુરુ શિષ્યના જ્ઞાનના અહંકારને નષ્ટ કરે છે અને દર્શાવે છે કે આ દુનિયામાં એનાથીયે ચડિયાતા અનેક જ્ઞાનીઓ વસે છે,



આથી આવા અભિમાનનો અર્થ નથી. વળી જેમ ક્રિયા એ સ્પર્ધાનું સાધન નથી, એ જ રીતે જ્ઞાન પણ સ્પર્ધાનું માધ્યમ નથી. જ્ઞાન પામવાનું હોય, એને માટે કોઈની સાથે સ્પર્ધામાં ઊતરવાનું ન હોય.

વ્યક્તિઓનાં વિશેષણ એના અહંકારના પરિચાયક હોય છે. કેટલાક એવો ગર્વ ધારણ કરે છે કે પોતાના જેટલા શિષ્યો એટલા બીજાના નથી. આ સમયે એમનું લક્ષ્ય જેને શિષ્ય બનાવ્યો છે એના જ્ઞાન, સાધના, આરાધના કે અધ્યયન પ્રત્યે હોતું નથી. એમની દૃષ્ટિએ એ શિષ્ય એમની સંખ્યા અને એનાથી ય વિશેષ એમની ગર્વ-વૃદ્ધિનું સાધન છે.

કોઈ એવો ગર્વ રાખે છે કે પોતાની સભામાં કરોડો રૂપિયાના દાનનો જે વરસાદ વરસે છે, એટલો વરસાદ બીજે ક્યાંય વરસતો નથી, પછી થશે શું ? ખુદ એ સાધુ પોતે જ પોતાની સભામાં વધારેમાં વધારે દાન એકઠું થાય એવો પ્રયત્ન કરશે. એમનો હેતુ ધર્મજ્ઞાન આપવાને બદલે દાનપ્રાપ્તિનો બની રહેશે. આમ કરવા જતાં એમને એક ડગલું નીચે આવવું પડશે અને પછી ધર્મવાણીની સાથોસાથ દાતાઓ માટે પ્રશંસાવાણી વહેવડાવવી પડશે. ઇતિહાસમાંથી મહાન દાનેશ્વરીનાં નામો યાદ કરશે. બલિ રાજા, દાનેશ્વરી કર્ણ, શાલિભદ્ર જેવાં દાનવીરોને યાદ કરીને, દાન આપનાર દાનેશ્વરી સાથે એ વ્યક્તિઓનાં નામ જોડી દેશે.

જ્યાં સુધી વ્યક્તિએ અહંકારનો અંચળો પહેર્યો હશે, ત્યાં સુધી એ પ્રત્યેક બાબતને અહંકારમાં ફેરવી નાખશે. એ ધર્મ હશે, એ ક્રિયા હશે, એ જ્ઞાન હશે, એ શક્તિપ્રદર્શન હશે, પણ

એ બધાંને અંતે તો પોતાના અહંકારમાં ફેરવીને એના દ્વારા ધન, બુદ્ધિ કે શક્તિનું પ્રદર્શન કરશે. કોઈને કોઈ રીતે એ પોતાનો અહંકાર બીજાને બતાવવા પ્રયત્ન કરશે.

આ અહંકાર બે રીતે પ્રવર્તે છે. એક તો વ્યક્તિને બાહ્ય જગત અને બાહ્ય પ્રવૃત્તિમાં ડૂબાડી દે છે અને બીજું એ કે એને અધ્યાત્મ-ભાવનાથી વધુને વધુ દૂર લઈ જાય છે. અહંકારને સતત નવી નવી વાનગીઓવાળું સ્વાદિષ્ટ ભોજન જોઈએ છીએ. આથી એ વિચાર કરશે કે એના પ્રગટીકરણ માટે કેવા નવા નવા નુસખાઓ અજમાવું, આવા નવા નુસખાઓ અજમાવવા જતાં એનું જીવન બાહ્ય પ્રવૃત્તિઓમાં એટલું બધું ડૂબી જશે કે પછી એ સાધુ કે સંન્યાસી કોઈ વહીવટદાર બની રહેશે અને એ વહીવટ આવતાં જ એની માયામાં એટલો ખૂંપી જશે કે એ કામમાંથી એને ભાગ્યે જ સ્વાધ્યાય, શાસ્ત્રવાંચન કે આત્મસાધનાનો સમય મળશે. અહંકાર એ વ્યક્તિની સાધનાજીવનનું પૂર્ણવિરામ બનશે. જેવો અહંકાર આવ્યો કે સાધના અભરાઈએ ચડી જશે.

ગુરુ આ અહંકારનું છેદન કરે છે. વ્યક્તિનો અહંકાર બીજે નમતો નથી, પણ ગુરુ એને જ્ઞાનથી, સ્નેહથી, આચરણથી નમાવે છે. અખા અને કબીર જેવા પાસેથી ગુરુમહિમાનું ઘણું જ્ઞાન સાંપડે છે. આવા ગુરુ વિશે કહેવાયું છે.

**'गुरोरवज्ञया सर्वं नश्यते च समुद्भवम्'**

અર્થાત્ ગુરુની અવગણના કરનારનો સઘળો અભ્યુદય નષ્ટ થઈ જાય છે.

**—પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**



# ॥ અતિમનસ આવિર્ભાવ ॥

[શ્રી અરવિંદના અતિમનસ-અવતરણના પૂર્ણયોગનો સ્વીકાર હરિઃ ૐ શ્રી મોટાએ પણ કર્યો હતો. પ્રો.એ.જી.ભટ્ટ સાહેબ સાથેના વિસ્તૃત વાર્તાલાપમાં શ્રીમોટાએ કહ્યું હતું, ''ભટ્ટ સાહેબ, શ્રી અરવિંદના માનવશરીરના દિવ્યરૂપાંતરની વાત સો ટકા સાચી છે. એ શક્યતા નથી વાસ્તવિકતા છે, અને ભવિષ્યમાં એ થઈને જ રહેશે. અત્યારે તે Processમાં છે. બહુ ઓછા માણસો એની કિંમત આંકે છે, પણ બહુ મોટી વાત શ્રી અરવિંદે કરી દીધી છે. અરવિંદના આ અતિમનસયોગની ફલશ્રુતિને સ્પષ્ટ કરતાં ટોચના બૌદ્ધિક અને પરમજ્ઞાની શ્રી વિમલાબેન ઠકારે કહ્યું હતું, ''એક જૈવિક ઉત્ક્રાંતિને કારણે મનુષ્યદેહનો જે આકાર છે એ તો લગભગ પૂર્ણતા સુધી પહોંચી ગયો છે. હવે જે ક્રાંતિ થવાની છે એ ચેતનાના સ્તર પર થવાની છે. આજનો એ યુગધર્મ છે.'' જે કૃષ્ણમૂર્તિએ પણ આ વાત બહુ સાદા શબ્દોમાં મૂકી છે. એમણે કહ્યું છે, ''શરીર, વાણી અને મનના ક્રમિક વિકાસનો દૃઢ પાયો ન બાંધો તો આગળ વિકાસ થઈ જ ન શકે.'' શ્રી અરવિંદ અને માતાજીના અનન્ય ભક્ત, એમના આધ્યાત્મિક સાહિત્યના લેખક અને સંવાદક, સંસ્કૃતભાષાના નિવૃત્ત પ્રાધ્યાપક શ્રી મકરંદ બ્રહ્મા પાસેથી આપણને આ લેખ પ્રાપ્ત થયો છે. જે અત્રે પ્રસ્તુત કર્યો છે.'']

શ્રી માતાજી તરીકે પાછળથી પ્રસિદ્ધ થયેલાં મીરા આલ્ફાસા નામનાં ફ્રેંચ મહિલા પોંડિચેરી ખાતે સ્થાયી થયેલા મહાયોગી શ્રી અરવિન્દ પાસે છેક ૧૯૨૦માં આવીને ત્યાં કાયમ માટે વસી ગયાં. તેમની આધ્યાત્મિક ઊંચાઈ-ઊંડાઈ એટલી તો જબરદસ્ત હતી કે શ્રી અરવિન્દે તેમને શિષ્યા તરીકે નહિ, પણ

આધ્યાત્મિક સાથીદાર તરીકે સ્વીકાર્યાં, એટલું જ નહિ પણ ૧૯૨૬માં આશ્રમના સંચાલનની તેમજ સાધકોની સાધનાની જવાબદારી તેમને સોંપી. બન્નેએ અતિમનસ ચેતનાના આવિર્ભાવ અને પૃથ્વી પર તેના કાયમી સ્થાપન માટે સઘન સંયુક્ત સાધના કરી. શ્રી અરવિન્દે અમુક ગૂઢ કારણોસર ૧૯૫૦માં સ્વેચ્છાએ શરીર છોડી દીધું. ત્યાર પછી પણ માતાજીએ શ્રી અરવિન્દની અશરીરી સૂક્ષ્મ દોરવણી હેઠળ અતિમનસના આવિર્ભાવની સાધના ચાલુ જ રાખી જેના પરિણામરૂપે ૧૯૫૬ની ૨૯મી ફેબ્રુઆરીએ આશ્રમના ક્રીડાંગણમાં સમૂહધ્યાન વખતે અતિમનસનો આવિર્ભાવ થયો. આ ઘટનાને માતાજીના પોતાના જ શબ્દોમાં જોઈએ :

''....મારી સામે એક જબરજસ્ત અને દળદાર સોનેરી બારણું હતું જે જગતને પ્રભુથી અલગ રાખતું હતું. જેવું મેં એ બારણા સામે જોયું કે તરત જ ચેતનાની એક જ ગતિમાં મેં જાણી લીધું અને સંકલ્પ કર્યો. 'સમય આવી પહોંચ્યો છે' એવા શબ્દો મેં અંગ્રેજીમાં સાંભળ્યા, નહિ કે ફ્રેંચમાં. જાણે કે શ્રી અરવિન્દ તે બોલ્યા હતા. બન્ને હાથે એક મોટો સોનેરી હથોડો ઊંચકીને મેં બારણા પર એક પ્રહાર કર્યો, એકમાત્ર પ્રહાર અને બારણાના ટુકડે ટુકડા થઈ ગયા. ત્યાર બાદ અતિમનસ પ્રકાશ અને શક્તિ અને ચેતના નીચે પૃથ્વી પર અસ્ખલિત પ્રવાહમાં વહેવા લાગ્યાં...પ્રકાશનું એ પૂર સમગ્ર જગત ઉપર ફરી વળ્યું...વીસ મિનિટ સુધી પ્રકાશનો અભિષેક થતો જ રહ્યો. ધ્યાનમાં વીસ મિનિટ સુધી મેં એને જોયા કર્યો અને પછી ધ્યાન બંધ કર્યું...મારા બાહ્ય વ્યક્તિગત સ્વમાં પાછા આવવા માટે મારે ખાસ પ્રયત્ન કરવો પડ્યો અને મહામુશ્કેલીએ હું શબ્દ બોલી શકી...વૈશ્વિક



વાતાવરણમાં આ આવિર્ભાવ સૂક્ષ્મ ભૌતિક જગતમાં (subtte physical world) થયો છે. બાહ્ય (સ્થૂળ) ભૌતિક જગતમાં હજુ સુધી કંઈ દેખી શકાય તેવું નથી.''

હવે 'આ અતિમનસ એટલે શું ?' એવો પ્રશ્ન સ્વાભાવિક રીતે જ થાય. એ સમજવાનો પ્રયત્ન કરીએ. શ્રી અરવિન્દના દર્શન મુજબ આ વિશ્વમાં પરમાત્માના ક્રમિક આવિર્ભાવની ઉત્ક્રાન્તિની પ્રક્રિયા નિરન્તર ચાલી રહી છે. સૌ પ્રથમ પરમાત્માએ પોતાનો આવિર્ભાવ કર્યો matter એટલે કે જડપદાર્થરૂપે. કરોડો વર્ષો સુધી પૃથ્વી ઉપર માત્ર જડપદાર્થો, પંચ સ્થૂળ મહાભૂતો જ રહ્યા. ત્યારબાદ આધ્યાત્મિક ઉત્ક્રાન્તિના બીજા તબક્કામાં પ્રભુએ પોતાનો આવિર્ભાવ પ્રાણ અથવા જીવન અથવા life સ્વરૂપે કર્યો. તેથી ધીમે ધીમે પૃથ્વી ઉપર વનસ્પતિ, જળચર, સ્થળચર પ્રાણીઓ તથા પક્ષીઓ અસ્તિત્વમાં આવ્યાં. અહીં એક મુદ્દો નોંધવો જોઈએ. ડાર્વિન માત્ર જડપદાર્થ સ્વીકારે છે તેથી તેમના ઉત્ક્રાન્તિવાદમાં જડમાંથી ચેતન, નિર્જીવમાંથી સજીવ કેવી રીતે વિકસ્યું તેનો સર્વસ્વીકાર્ય ખુલાસો મળી શકતો નથી. જ્યારે શ્રી અરવિન્દના ઉત્ક્રાન્તિવાદમાં પાયામાં જ વિશુદ્ધ ચૈતન્યરૂપ પ્રભુનો સ્વીકાર થયો હોવાથી આ મુશ્કેલી નડતી નથી. હા, તો પૃથ્વી ઉપર આ પ્રાણપ્રધાન પ્રાણિક જીવન કરોડ વર્ષો સુધી રહ્યું. ઉત્ક્રાન્તિના ત્રીજા તબક્કામાં પૃથ્વી ઉપર મન (=બુદ્ધિ)નો આવિર્ભાવ થયો અને પરિણામે સમય જતાં બુદ્ધિપ્રધાન મનુષ્ય અસ્તિત્વમાં આવ્યો, અને તેણે મન અથવા બુદ્ધિનો પુષ્કળ વિકાસ કર્યો. આમ છતાં માનવચેતનામાં પુષ્કળ અપૂર્ણતાઓ છે : પારાવાર દુઃખ, અજ્ઞાન, ધિક્કાર, હિંસા, આક્રમકતા, ભય, સ્વાર્થ આદિ.

હા, સમયે સમયે અવતારો, વિભૂતિઓ વગેરે આ બધાંથી ઉપર ઊઠી પ્રભુને પામે છે અને મુઠ્ઠીભર અનુયાયીઓને પ્રભુપ્રાપ્તિ કરાવે છે, પણ મોટાભાગની માનવજાત તો દુઃખ આદિથી ખરડાયેલી નિમ્ન ચેતનામાં જ જીવે છે. શ્રી અરવિન્દ કહે છે કે પરમાત્માની આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ આવી ખરડાયેલી, અપૂર્ણ ચેતનાએ અટકી જઈ શકે નહિ, મનુષ્યની માનસિક ચેતના છેવટની ચેતના હોઈ જ ન શકે. જેમાં ઉપર્યુક્ત અપૂર્ણતાઓ ન હોય તેવી ચેતના હોવી જ જોઈએ અને છે જ. તેને શ્રી અરવિન્દે નામ આપ્યું છે અતિમનસ આ દિવ્ય અતિમનસ ચેતનાના બંધારણમાં જ દિવ્ય સત્ય, જ્ઞાન, પ્રેમ, આનંદ, સંવાદિતા આદિ સ્વતઃ રહેલાં છે. આપણે આગળ જોયું તેમ માતાજી અને શ્રી અરવિન્દના સંયુક્ત પુરુષાર્થથી ૧૯૫૬ના ફેબ્રુઆરીની ૨૯મી તારીખે આશ્રમમાં અતિમનસ ચેતનાનો આવિર્ભાવ થયો. થોડાં હજાર વર્ષોમાં તે સમગ્ર જગતમાં વ્યાપી જશે, જ્યાં શક્ય હશે ત્યાં અત્યારની માનસિક ચેતનાનું સ્થાન પોતે લઈ લેશે અને જેવી રીતે મન અથવા બુદ્ધિએ જગતની કાયાપલટ કરી નાંખી તેમ અતિમનસ ચેતના પોતાની દિવ્યતા દ્વારા અત્યારના જગતની કાયાપલટ કરી નાખશે, તેની અપૂર્ણતાઓને ખતમ કરી નાખશે, એટલી હદ સુધી કે માત્ર બુદ્ધિ કે પ્રાણ જ નહિ, શરીર matter સુદ્ધાં અતિમનસ દિવ્યતાને પ્રકટ કરશે : Matter shall reveal the spirit's face.

**—પ્રૉ. મકરન્દ બ્રહ્મા**



# ॥ શ્રી શ્રી 'મા' આનંદમયી પ્રસંગપરાગ ॥

**(ધર્મપુત્ર નવજીવનના માર્ગે)**

ઈ.સ. ૧૯૨૯માં ઢાકામાં ભારતીય તત્ત્વદર્શન કોંગ્રેસનું અધિવેશન ભરાયું હતું. તેમાં ભાગ લેવા દેશભરમાંથી પ્રતિનિધિઓ આવ્યા હતા. તેના કેટલાક સભ્યો 'મા'ને મળવા ગયા. લગભગ ત્રણ કલાક સુધી વાતચીત થઈ. આ અંગે ડૉ. મહેન્દ્રનાથ સરકારે લખ્યું છે :

"બધા પ્રતિનિધિઓ શ્રી'મા'ના રૂમમાં ભેગા થયા હતા. વિલ્સન કૉલેજના પ્રૉફેસરે ત્રણ કલાક સુધી આલોચના કરી, અનેક પ્રકારના તત્ત્વજ્ઞાનયુક્ત પ્રશ્નો પૂછ્યા, જેના ત્વરિત ઉત્તર જરા પણ થોભ્યા વગર કે ખચકાયા વગર, સંકોચરહિત તેમજ ગૂંચવાયા વગર 'મા' આપ્યે ગયાં. જેવો પ્રશ્ન તેવો જ ને તેટલો જ ઉત્તર. પરિણામે ત્યાં હાજર રહેલા સહુ કોઈ શ્રી'મા'ની સમજશક્તિ, જ્ઞાનની નિષ્ઠા અને તેને વ્યક્ત કરવાની સસ્મિત નિપુણતા જોઈ પ્રભાવિત થયા હતા."

'શું સંસાર સ્વર્ગ બની શકે ?' આ પ્રશ્નનો 'મા'એ તરત જ હસતાં હસતાં ઉત્તર આપેલો, 'અત્યારે પણ જગત તો ક્યારનુંય આવું જ પૂર્ણ છે.'

આ એક જ વાક્યથી પ્રશ્નકર્તા 'મા'ની આધ્યાત્મિક ઊંચાઈને પામી શક્યા. જાહેરમાં વિદ્વદ્-વર્ગ સમક્ષ પ્રશ્નોત્તરીનો પ્રારંભ અહીંથી થયો.

'મા' શાહબાગમાંથી બહાર જવા નીકળ્યાં ત્યારે તેઓ

જલદીજલદી પાછાં ફરે એવી ઇચ્છાથી પ્રફુલ્લબાબુનાં પત્નીએ મજાકમાં કહ્યું, ''મા', જલદીજલદી પાછાં આવજો. મોડાં આવશો તો શાહબાગમાં પેસવા નહિ દઉં ! દરવાજો જ બંધ કરી દઈશ.'

'મા'એ પણ હસીને કહ્યું, 'અરેરે, આ શું કહી બેઠાં તમે ? તમારે આમ નહોતું કહેવું જોઈતું. મશ્કરીમાં પણ કંઈ કહ્યું હોય તો તેમ બની જાય છે.'

ભોળાનાથને તો આવા અનુભવો અનેક વાર થયા હતા. એટલે તેમણે ચેતવણી આપી ત્યારે 'મેં તો માત્ર મજાકમાં જ આમ કહ્યું છે' એવો ખુલાસો પ્રફુલ્લબાબુનાં પત્નીએ કરી દીધો.

પરંતુ મજાકમાં કહેવાયેલી વાત સાચી ઠરી. પરિસ્થિતિ એવી સર્જાઈ કે 'મા' પુનઃ શાહબાગમાં આવ્યાં જ નહિ !

શાહબાગના માલિકોએ શાહબાગને કોર્ટ ઑફ બોર્ડ્સ હસ્તક સોંપી દીધો. પરિણામે ભોળાનાથ, ભૂદેવબાબુ, યોગેશબાબુ- બધાની નોકરી ગઈ. આ કારણે 'મા'ને ત્યાં પાછા ફરવાનું બન્યું જ નહિ.

આ અંગે 'મા' અવારનવાર કહેતાં, 'કોઈપણ વાત કરીએ તો સંપૂર્ણ સાવધાની રાખીને જ કરવી. કેટલીક વાર સારું યા નરસું બોલેલું સાચું પડી જાય છે.'

'મા' કોલકાતાથી પાછાં આવ્યાં ત્યારે શાહબાગમાં તો ઘર રહ્યું નહોતું તેથી તેઓ ટિકાકુલીમાં ભાડાના મકાનમાં રહેવા ગયાં. શાહબાગમાં બધાની નોકરી ગઈ તેથી બધા બહુ ચિંતિત ને દુઃખી હતા. એમાંય રાયબહાદુર યોગેશબાબુના ઘરનાં તો વિશેષ



વ્યથિત હતાં. તેમણે 'મા'ને કહ્યું, 'હવે અમારું શું થશે ?'

'મા'એ તેમને આશ્વાસન આપતાં કહ્યું, 'ચિંતા કરશો નહિ. જે બધું થાય છે તે સારા માટે જ થાય છે.'

'મા' સ્ફટિકસદૃશ શુદ્ધ ને નિર્મળ હતાં. તેઓ સઘળા માનવીય વિકારોથી પર હતાં છતાં રહેતાં તો હતાં મનુષ્યોની મધ્યે જ. માનવપ્રકૃતિની નિમ્નતાનો અનુભવ તેમને પણ કરવો પડ્યો હતો. સાધનાની શરૂઆતમાં તેમને વિશે અનેક નરસી વાતો થતી હતી. એ પછીયે કેટલાય લોકો પોતાના ગજથી 'મા'ની સાધનાને માપતા ને મૂલવતા હતા. 'મા'ના ભોળાનાથ અને ભાઈજી સાથેના સંબંધો વિશે પણ લોકો જાતજાતની વાતો કરતા હતા.

આ અંગે એકવાર એક પ્રશ્નના ઉત્તરમાં 'મા'એ કહેલું, 'પોતાના સંસ્કાર પ્રમાણે લોકો મારા અને ભોળાનાથના સંબંધ વિશે વાતો કરે છે. પણ તેમાં હું કોઈનોય દોષ જોતી નથી, કોઈની વાતનું ખંડન કરતી નથી. લોકો તો સ્વકીય સમજ પ્રમાણે અભિપ્રાય ઉચ્ચારે છે. તમે જાણો છો કે જ્યોતિષની સાથે પડેલો મારો એક ફોટો છે. એ ફોટાને લીધે ઢાકામાં કેટલાક લોકોએ મારા વિશે ગંદો પ્રચાર કર્યો હતો, એટલું જ નહિ પણ પોતાની વાતના સમર્થનમાં પુસ્તિકા પ્રકાશિત કરવાની યોજના પણ કરી હતી. જાતજાતની વાતો ઈરાદાપૂર્વક વહેતી મૂકવામાં આવી હતી. પરંતુ અસત્યનું આયુષ્ય અલ્પ હોય છે. અંતે તો સત્ય જ સત્ય-સ્વરૂપે પ્રગટીને રહે છે.'

જેમના માટે 'મા' સાક્ષાત્ જગદંબા હતાં એ જ્યોતિષબાબુની

'મા' પ્રત્યેની અનન્ય શ્રદ્ધાભક્તિને પણ લોકો દૂષિત દૃષ્ટિએ જોવા લાગ્યા. 'મા'ની સાથે તેમના પાર્થિવ પ્રેમની વાતો ઉડાડી. પરંતુ 'મા' તો સ્તુતિ ને નિંદાથી પર હતાં. ભાઈજી તો 'મા'ના ધર્મપુત્ર હતા, મનુષ્ય ભાવમાં રહેતા હતા, તેથી તેઓ ગલીચ ગબારાથી દુઃખી થઈ ગયા, મનમાં ને મનમાં જાતને ઠપકારવા લાગ્યા.

અરેરે, મારે લીધે 'મા'ને, સાક્ષાત્ જગદંબાને અવી જુઠ્ઠી વાતોનો ભોગ બનવું પડ્યું ! ધૂળ પડી મારા આ જીવનમાં કે જેને કારણે દિવ્યસ્વરૂપિણી 'મા'ને કલંકિત બનવું પડ્યું ! આ ચિંતાએ તેમના કાળજાનો કબજો કરી લીધો. એમાં ને એમાં એ ક્ષયનો શિકાર બન્યા.

એક દિવસ ભાઈજીએ 'મા' આગળ પોતાની વ્યથા ઠાલવી : ''મા', મારે કારણે તમારે કલંકિત થવું પડ્યું. હવે કોઈનેય મોઢું બતાવી શકું તેમ નથી. હવે તો દૂરદૂર ક્યાંક અજ્ઞાતવાસ અપનાવી લઈશ.'

ભાઈજીનો આવો ઉદ્વેગ જોઈ 'મા' તો વાત્સલ્યભાવે જોઈ જ રહ્યાં, પછી બોલ્યાં, 'અરેરે, મારા પુત્ર, આવું વિપરીત વિચારાય ? આવી બેબુનિયાદી વાતો ઉપર બિલકુલ ધ્યાન ન આપ. લોકો તો કાગદૃષ્ટિ પ્રમાણે બોલે. એનાથી મને શું ફેર પડવાનો હતો ?'

'મા'એ આ રીતે ભાઈજીના ઉદ્વેગને શાંત કરવાનો પ્રયત્ન કર્યો, પણ પોતે 'મા'ની નિંદા માટે જવાબદાર બન્યા એ ભાવ તેમના મનમાંથી કેમેય જતો ન હતો. એટલે 'મા'એ ફરી



સમજાવ્યા, ''જો જ્યોતિષ, આમાં દુઃખ થવા જેવું છે શું ? આ શરીર ખોટી રીતે કલંકિત થવાનું હતું તે થઈ ગયું. જે પૂર્ણ છે તેમાં તો બધું જ સમાઈ જવું જોઈએ ને ? એમાં સ્તુતિની સાથે નિંદા પણ થવી જોઈએ. જો, નિંદા હું છું, નિંદક પણ હું છું અને નિંદ્ય પણ હું જ છું !''

'મા'ના મુખે આ શબ્દો સાંભળી ભાઈજી સ્તબ્ધ થઈ ગયા. તેમને 'મા'ની પૂર્ણતાનું દર્શન થયું. તેમના મનનો ભાર ઊતરી ગયો.

ભાઈજીને ક્ષયનો રોગ લાગુ પડ્યા પછી ઉત્તરોત્તર આખા શરીરને ખાઈ રહ્યો. શરીર એવું અશક્ત થઈ ગયું હતું કે પથારીમાંથી ઊભાય થઈ શકતા ન હતા. ડૉક્ટરોએ તો કહી દીધું કે હવે જીવવાની આશા ઓછી છે.

એકબાજુ ક્ષયનાં જંતુઓ ભાઈજીના શરીરનું ભક્ષણ કર્યે જતાં હતાં, તો બીજી તેમના ચિત્તમાં માતૃદર્શનની પ્રબળ ક્ષુધા પ્રજ્વળતી હતી. એક તરફ મૃત્યુ તરફ લઈ જતી ક્ષયની શક્તિ ને બીજી બાજુ જીવનનું રક્ષણ કરતી માતૃશક્તિ સામસામી આવી ઊભી.

ભાઈજીએ પોતાની આ વ્યાધિ સંદર્ભે 'માતૃદર્શન'માં નોંધ્યું છે તેના થોડા અંશો તેમના શબ્દોમાં જોઈએ :

''આખરે સને ૧૯૨૭ના જાન્યુઆરી મહિનાની ચોથી તારીખે 'હવે મારાથી સહન થઈ શકશે નહિ.' કહીને હું પથારીવશ થઈ ગયો. વ્યાધિની શરૂઆતમાં મને છાતીમાં અસહ્ય વેદના થવા લાગી. કોઈ દવાથી એ મટ્યું નહિ. એક દિવસ

'મા' મને જોવા આવ્યાં. એમણે મારી છાતી ઉપર એમનો હાથ મૂક્યો, એટલે મારી વેદના જાણે એકદમ ઓસરી ગઈ.''

મૅડિકલ સાયન્સના નિયમો કરતાં 'મા'ના આધ્યાત્મિક નિયમો નોખા હતા. પણ એના પાલનમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખવાથી જ ભાઈજી એ જમાનામાં અસાધ્ય જેવા ગણાતા ક્ષયના રાજરોગમાંથી મુક્ત થઈ શક્યા. તેમણે લખ્યું છે, ''મા'એ અહૈતુકી કૃપાની અખંડ ધારા વહેવડાવી મારા તૃપ્ત આત્માને એટલી બધી વાર શાંત કર્યો છે કે જેની ગણતરી થઈ શકે તેમ નથી.' ('માતૃદર્શન', પૃ.૧૦૪)

ભાઈજી ક્રમશઃ સાજા થવા લાગ્યા. છેવટે રોગમુક્ત બન્યા ત્યારે 'મા'એ તેમને કહ્યું, 'તારો પુનર્જન્મ કેવી રીતે થયો તે જોયું ?' એટલું કહી 'મા'એ એમના ગળામાં લટકતો સોનાનો હાર હાથમાં લઈ ભાઈજીને કહ્યું, 'આ બાજુ આવ હું તને જનોઈ પહેરાવું. જાણજે આજથી જ તું બ્રહ્મચારી થયો.' આમ બોલી તેમણે એ હાર જનોઈની માફક ભાઈજીના ગળામાં પહેરાવી દીધો. આ રીતે 'મા'એ તેમને દ્વિજ બનાવી દીધા. વાસ્તવમાં તેમનો નવો જન્મ થયો. નવજન્મના પ્રતીક દ્વારા 'મા'એ ગૃહસ્થ ભાઈજીને બ્રહ્મચારી દીક્ષા આપી અધ્યાત્મના નવા જીવનમાં, જ્ઞાનમાં, પ્રકાશમાં પ્રવેશ કરાવ્યો.

આ રીતે અનોખી રીતે ભાઈજીને બ્રહ્મચર્યની દીક્ષા આપી 'મા'એ સાંસારિક જીવનમાંથી ઉપર ઉઠાવી લીધા. આ પછી એમના જીવનની પ્રત્યેક પળ મા-મય વીતવા લાગી. સાજા થયા પછી ત્રણ વરસ સુધી તેઓ વહેલી સવારે માનાં દર્શન માટે



રમણાશ્રમમાં જતા. એ માટે તેઓ રાત્રે લગભગ બે વાગ્યે પથારીમાંથી ઊઠી જતા અને નિત્યકર્મથી પરવારી સવારે સાડા ચાર વાગ્યે નીકળી પડતા. આશ્રમ પહોંચી તેઓ તેની પ્રદક્ષિણા કરતા. લગભગ પાંચ વાગ્યે તેઓ આશ્રમમાં પ્રવેશતા. પછી 'મા'ની સાથે ફરવા જતા. અગિયારેક વાગ્યે તેઓ પોતાને ઘેર પાછા ફરતા.

ત્રણ વરસ સુધી ભાઈજી ગરમી, ઠંડી, વરસાદની પરવા કર્યા વિના વહેલી સવારે 'મા' સાથે ફરવા જતા. એ દરમિયાન ઢાકામાં હિન્દુઓ અને મુસલમાનો વચ્ચે એક મહિના સુધી ઝઘડો ચાલ્યો. એ ઝઘડો શમી ગયા પહેલાં 'મા' એક દિવસ ઓચિંતા બોલી ઊઠ્યાં, 'ભીષણ'.

'કેમ તમે આવું બોલ્યાં ?' ભાઈજીએ પૂછ્યું.

'મા'એ કહ્યું, 'હું આખા શહેરમાં ચારે બાજુએ અને ઘેરઘેર હાહાકાર જોઈ રહી છું.'

એ પછી ટૂંક સમયમાં જ શહેરમાં હિન્દુ-મુસલમાન વચ્ચે ભયંકર હુલ્લડ ફાટી નીકળ્યું. એવા હત્યાકાંડમાં પણ ભાઈજી નિયમિત વહેલી સવારે આશ્રમમાં જતા હતા. તેમના વડીલ ભવાનીપ્રસાદ નિયોગીઓ હત્યાકાંડના એ દિવસોમાં કવખતે આશ્રમમાં ન જવા જણાવ્યું.

ભાઈજીને લાગ્યું કે જ્યાંસુધી 'મા' મના ન કરે ત્યાં સુધી તેમને કોઈ જાતનો ભય નથી. તેથી તેમણે તો 'મા' પર પૂરી શ્રદ્ધા રાખીને નિયમિત જવાનું ચાલુ રાખ્યું.

એક દિવસ ભાઈજી વહેલી સવારે આશ્રમમાં જતા હતા

ત્યારે રસ્તા ઉપરના દીવાઓ બળતા હતા, પણ તે વખતે કોઈ ચકલુંયે ફરકતું નહોતું. તેઓ ઢાકાનો ડાકબંગલો મૂકીને સોએક ગજ ગયા હશે ત્યાં તેમણે જોયું તો એક મેહોગની વૃક્ષની ઓથેથી આખા શરીર ઉપર કપડું લપેટીને એક બળવાન માણસે તેમનો પીછો પકડ્યો. તેમણે પૂછ્યું, 'ક્યાં જાઓ છો ?'

એણે કહ્યું, 'હું તમારી જોડે આવું છું.'

ભાઈજીએ કહ્યું, 'હું તો રમણાશ્રમમાં જાઉં છું.'

એણે કહ્યું, 'હું પણ ત્યાં આવું છું.' આમ કહી તે માણસ ભાઈજીની સાવ લગોલગ આવી ગયો. ભાઈજીને ભય લાગ્યો. 'ના, તમે મારી સાથે નહિ આવી શકો.'

આટલો શબ્દો ભાઈજીના મુખમાંથી મોટા અવાજે નીકળ્યા. પછી આમ તેમ જોયા વિના તેઓ ઝડપભેર ચાલવા લાગ્યા. બહુ દૂર નીકળી ગયા પછી તેમણે પાછા વળીને જોયું તો પેલો માણસ લાકડાના પૂતળાની પેઠે હતો ત્યાંનો ત્યાં જ જાણે જકડાઈ ગયો હતો.

રમણાશ્રમના મેદાનમાં પહોંચ્યા પછી ભાઈજીએ જોયું તો સ્નેહમયી 'મા' આશ્રમના ફાટક આગળ ઊભાં રહીને એકી નજરે તાકીને જોઈ રહ્યા હતાં. ભાઈજીએ 'મા'ને સાષ્ટાંગ પ્રણામ કર્યા અને બધી હકીકત જણાવી તેઓ કાંઈ બોલ્યાં નહિ. કેટલાક દિવસ પછી સાંભળવા મળ્યું કે પેલી જગ્યાએ એક ખૂન થયું હતું !

ઈ.સ.૧૯૩૨માં ભાઈજી ચાર માસની રજા લઈને પહાડ પર હવા ખાવા જવાનો વિચાર કરતા હતા. બીજી જૂને રાતે



સાડાદસ વાગ્યે 'મા'એ તેમને તેમના ઘરેથી આશ્રમમાં બોલાવી પૂછ્યું, 'મારી સાથે આવી શકશે ?'

તેમણે પૂછ્યું, 'ક્યાં જવાનું છે ?'

'મા'એ પ્રતિ પ્રશ્ન કર્યો, 'ગમે ત્યાં જઈએ તેથી શું ?'

ભાઈજી કંઈ બોલ્યા નહિ. 'મા'એ ત્રીજો પ્રશ્ન કર્યો, 'કેમ ચૂપ થઈ ગયો ?'

ભાઈજી બોલ્યા, 'પૈસાટકા લેવા ઘેર નહિ જવું પડે ?'

'મા'એ કહ્યું, 'અહીં રહીને જે થાય તે કર.'

ભાઈજીએ કહ્યું, 'ભલે.'

આ 'ભલે' શબ્દમાં ભાઈજીની શરણાગતિ સૂચવ્યા છે. તે પછી શરૂ થયું 'મા'ની સાથે અજાણ્યા પથ પરનું અપૂર્વ અભિયાન, ગૃહસ્થાશ્રમના પૂર્ણવિરામનો સૂત્રપાત. એક કામળો, એક કથા અને એક શેતરંજી સાથે લઈને ભાઈજી 'મા'ના એક ઈશારે ઢાકા સ્ટેશને જવા નીકળી પડ્યા. સાથે ભોળાનાથ અને 'મા'.

ઢાકા સ્ટેશને પહોંચ્યા પછી 'મા'એ કહ્યું, 'આ ગાડી જ્યાં સુધી જતી હોય ત્યાંની ટિકિટ લો.' જગન્નાથગંજની ટિકિટ લીધી. ત્યાંથી કટિહાર ગયાં. ત્યાં ભાઈજીને જૂનો મિત્ર મળી ગયો. તેણે સો રૂપિયા અને ખાવાનું આપ્યાં. ત્યાંથી ત્રણે લખનૌ થઈ દહેરાદૂન પહોંચ્યાં. ત્યાંથી પાંચ છ કિલોમીટર દૂર રાયપુર ગામના એક નિર્જન શિવાલય પાસે પહોંચ્યાં. ત્યાંનું વાતાવરણ ભયાનક હતું, તો ભાઈજીની કઠોર સાધના પણ અવર્ણનીય હતી. પુરાણા શિવમંદિર પાસેના ખંડેર મકાનમાં તેમનો નિવાસ

હતો. હાડ વીંધી નાંખે તેવી ટાઢ પડતી હતી. સાપ અને વીંછીનો ઉપદ્રવ હતો. આ પરિસ્થિતિમાં ભાઈજી 'મા' અને ભોળાનાથની સેવાની સાથે સાધના કરવા લાગ્યા. તેમના ત્યાગની કોઈ સીમા નહોતી. તેથી જ તેઓ માતૃકૃપાના અધિકારી બન્યા.

'મા'ની કૃપાથી ભાઈજી પહેલેથી જ 'મા'ની અનેક અલૌકિક વિભૂતિઓનો પરિચય પામ્યા હતા. પરંતુ તેમના જીવનમાં માતૃસંગનો અધ્યાય બહુ ટૂંકો છે, માત્ર બારતેર વરસ માતૃસંગનું ચરમ પરિણામ ફૂટી નીકળ્યું હતું તેમની જીવનસંધ્યાએ બે ઘટનાઓ દ્વારા-કૈલાસ તીર્થયાત્રા અને અલમોડામાં મહાપ્રયાણ.

કૈલાસના માર્ગે, માનસરોવર તીરે ભાઈજીમાં અદ્‌ભુત પરિવર્તન થયું હતું. સરોવરમાં સ્નાન કરી તેમણે પોતાની મેળે વિદ્વત્ સંન્યાસ ગ્રહણ કરી લીધો હતો. તીર્થયાત્રા પૂરી કરીને 'મા'ની સાથે ભાઈજી પણ અલમોડા આવ્યા ત્યારે તેમનું શરીર ખૂબ અસ્વસ્થ હતું. છેવટે ઈ.સ.૧૯૩૭માં ઝૂલન-દ્વાદશીના દિવસે તેમણે શ્રી'મા'ના ખોળામાં લીલા સમેટી લીધી. દેહત્યાગની થોડી પળ પહેલાં તેમણે એક જણને બોલાવી આ શબ્દો લખી રાખવાનું કહ્યું : 'આપણે બધાય એક છીએ. 'મા'ને અંદર-બહાર સર્વત્ર દેખીએ છીએ. કેવો આનંદ ! કેવું સુંદર !'

**—ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ**



## ॥ ગંગાસતીનાં ભજનોમાં તત્ત્વદર્શન ॥

ગંગાસતીને સૌરાષ્ટ્રની મીરાં કહેવામાં આવ્યા છે. તેમનાં ભજનોને 'ગ્રામઉપનિષદ'. સૌરાષ્ટ્રનાં રાજપરા ગામમાં તેમનો જન્મ થયો અને સાસરું સમઢિયાળ તેમની કર્મભૂમિ. સંસારમાં રહીને પોતાના કાર્યો કરતાં ઉચ્ચકોટિની સાધના તેમણે કરી. પતિ કહળસંગભગત પણ એ જ રંગે રંગાયેલા. બન્નેની જ્ઞાનની ભૂમિકા પણ સરખી. ગૃહસ્થધર્મ નીભાવતા તેમણે અલખની ધૂણી જગાવી. પતિનાં વચનને માન આપી, તેમની આજીવન સેવા કરનાર શિષ્યા પાનબાઈને જ્ઞાન આપી ગંગાસતી સમાધિ લે છે. શિષ્યા પાનબાઈને જ્ઞાન આપવા જે ભજનોની રચના કરી તે ગંગાસતીનાં પ્રસિદ્ધ બાવન ભજનો. જ્ઞાન, ભક્તિ અને યોગનો ત્રિવેણી સંગમ તેમનાં ભજનોમાં છે. કોઈપણ જીજ્ઞાસુ સાધકને સાધનાને ઉપયોગી ભાથું-આ ભજનો છે.

તેમનાં આત્મતત્ત્વનાં ભજનોમાંથી એક ખમીરવંતી રજપૂતાણીની છાપ ઉપસે છે. કારણ કે સાધનામાર્ગ ઘણો કપરો છે. તેથી ત્યાં મરજીવા થઈને મોતી લેવાનાં છે. વારંવાર ગંગાસતી પાનબાઈને 'શૂરા' થવાનું કહે છે. આ કાયરનો માર્ગ નથી એમનાં ભજનોમાંથી સ્ફુટ થતું તત્ત્વદર્શન આપણે જોઈએ :

'ગુપતરસ'

**ગુપતરસ આ તો જાણી લેજો પાનબાઈ**
**જેથી જાણવું રહે નહિ કાંય.**
**ઓઘ રે આનંદના કાયમ રહેજો**

**સેજે સેજે સંશય બધા મટી જાય.**

અગમ અગોચર તત્ત્વના ભેદને જાણનાર કોઈ વીરલા જ હોય છે. બાહ્ય રીતે સરળ લાગતો પરમાર્થ માર્ગ ઘણો કઠિન છે. તેના અંતરસત્ત્વને જ પામી જાય છે તેને આ 'ગુપતરસ'નો અનુભવ થાય છે. આ ગુપતરસ એ મૃગમાં રહેલી કસ્તુરીની જેમ આપણી અંદર જ રહેલો છે. પણ આપણે તેને બહાર શોધીએ છીએ. સદ્‌ગુરુનાં શરણે આવેલ કોઈ અધિકારી જીવ જ તેને જાણી શકે છે. આમ તો આ રસ અનુભવગમ્ય છે. પણ તેનું વર્ણન થઈ શકતું નથી.

'ગુંજાનો લાડવો'

**અગમ અગોચર રસનું નામ છે**

**એ તો પૂરણ અધિકારીને ઠેરાશે.**

ગંગાસતી પાનબાઈને ઉદ્દેશીને કહે છે કે 'આ ગુપતરસ તમે ઝીલી લો તમે પાત્રતા કેળવી છે. અધિકારી વ્યક્તિ જ આ રસનું પાન કરી શકે છે.'

જે કાંઈ દેખાયછે તે બાહ્ય જગત છે, નાશવંત છે. જ્યાં સુધી દશ્ય પદાર્થ દેખાય છે. ત્યાં સુધી જોનારને 'હું છું' એવી સૂક્ષ્મવૃત્તિ હોવાની જ. પરિણામે તે આ રસ લઈ શકશે નહિ. આપણી અંદર રહેલો આત્મા એ જ પરમાત્મા છે. તે અહંકાર દૂર થતાં ખ્યાલ આવે છે. અહમભાવ એ શરીરભાવનું જ મમત્વ છે. આત્મભાવથી વિપરીત વૃત્તિ છે. તેથી જ અહમને દૂર કરી જ્ઞાનરૂપી અમૃત સાધક મેળવી શકે છે.



**કોટિ રે જનમની મટાડો કલ્પની ત્યારે,**

**જાતિ રે પણું વયું જાય,**

**ભાઈ રે ! દૃષ્ટિ રાખો, ગુપતરસ ચાખો પાનબાઈ.**

**તો તો રોજ આનંદ વરતાય,**

**ગંગા રે સતી એમ બોલિયાંરે.**

**આપમાં આપ મળી જાય.**

જ્યાં સુધી કરોડો જન્મના સંસ્કાર, કલ્પના આપણામાં પડેલા હોય છે. ત્યાં સુધી જાતિ સંબંધ વગેરેમાં ભેદ છે. જ્યારે આ સંસ્કારો દૂર થશે ત્યારે કોઈ જાતિ કે સંબંધ નહિ રહે. જ્ઞાનથી આ જાતિપણું આપોઆપ મટી જાય છે. બધું એકરૂપ થઈ જાય છે. કલ્પનામય સૃષ્ટિ દૂર થતાં આત્માને કોઈ જાતિ જ નથી. દૃષ્ટિ પદાર્થને ન જોતાં સૂક્ષ્મ બને છે. અંતર્મુખ બનેલી સ્થિતિ મનમાં સ્થિરતા લાવે છે. ત્યારે આપણી અંદર રહેલા 'ગુપતરસ'નો અનુભવ થાય છે. અવિનાશી આનંદની પ્રાપ્તિ થાય છે. આ આનંદની પ્રાપ્તિ થતાં આવાગમનનું ચક્ર પૂરું થાય છે. જેમ ઘડો ફૂટતાં જલમાં જલ સમાય જાય તેમ ચેતનામાં ચેતન મળી જાય છે. આત્મા ખુદ પરમાત્મા સ્વરૂપમાં લીન થઈ જાય છે.

વિશ્વચેતના સાથે માનવચેતનાનો સંસ્પર્શ થવાની વિરલ ક્ષણ એ વીજળીનો ઝબકારો છે તે વિરલ ક્ષણમાં સાધકે પોતાની ચેતનાનું રૂપાંતર કરવાનું છે.

**વીજળીને ચમકારે મોતી પરોવવું પાનબાઈ,**

**નહિતર અચાનક અંધાર થાશે,**

**જોત જોતામાં દિવસ વયા ગયા પાનબાઈ !**
**એકવીસ હજાર છસો ને કાળ ખાશે !**

વીજળીને ચમકારે મોતી પરોવવું તેનો સ્થૂળ અર્થ તો મોતીને વીજળીના પ્રકાશમાં પરોવવા જેવો છે. પણ અહીં જે અર્થ છે તે રૂપકાત્મક રીતે સ્ફુટ થાય છે. અંધકાર અને પ્રકાશની ભૂમિ આપણી ભીતરમાં છે. અંધકાર એ મોહમાયા અને જાગૃતિ આવે તે પ્રકાશ. 'મોતી' શબ્દ ચિત્ત માટે છે, અને વીજળીનો ચમકારો તે અચાનક આવતો 'સ્વ'નો બોધ છે. અચાનક આપણા હોવાપણાનો અનુભવ થાય તે એક ચમકારો છે શ્રી રમણમહર્ષિ ને કિશોર અવસ્થામાં આ અનુભવ થયો હતો. પોતાના ઘરનાં પગથિયે બેઠા હતા. ત્યાં પોતાના મૃત શરીરની કલ્પના કરી. મૃત શરીર જોતાં વિચાર આવ્યો કે આ શરીર છે તો હું કોણ છું ? એ ક્ષણે જ મોતી પરોવાઈ ગયું. 'સ્વ'ની શોધમાં ચાલી નીકળ્યા. આત્મબોધ થતાં તેઓ અરુણાચલ તરફ નીકળી ગયા.

જાગૃતિ જોઈને ક્ષણનો લાભ લેવાનો છે. તેથી સમય સૂચકતા અને એકાગ્રતા બન્ને જોશે. અલૌકિક શક્તિથી અસંભવિત ને સંભવિત બનાવી દેતો અધ્યાત્મજ્ઞાનના સૂર્યનો ઝબકારો, શક્તિપાત-ચૈતન્યપ્રકાશમાં રૂપાંતરિત થાય છે. ટૂંકમાં આત્મરૂપી મોતીની પ્રાપ્તિ કરવી. મસ્તિકમાં આવેલ બ્રહ્મરંધ્રને ભજનવાણીમાં 'માનસરોવર' કહ્યું છે. ત્યાં હંસોને મોતીચારો મળે છે. તેથી રવિસાહેબ કહે છે કે "મરજીવા સો મોતી લાવે." પોતાની અંદર રહેલા અગાધ સમુદ્રમાં ડૂબકી મારી આત્મતત્ત્વને પામવાનું છે.



કુંડલિની શક્તિ જ્યારે તીવ્રવેગથી આગળ વધે ત્યારે તમામ ગ્રંથિઓ ભેદી, ચક્ર ખોલતી કડાકા સાથે સહસ્રાધાર સુધી પહોંચે છે. ત્યારે અનાહત નાદ સંભળાય છે. સાધકની સાધનાની આ ઉચ્ચસ્થિતિ છે. આમ, ચિત્તને આત્મબોધમાં પરોવવાનું છે. એક-એક ક્ષણનો લાભ લેવાનો છે. એમ કહેવાય છે કે સામાન્ય રીતે એક દિવસમાં ૨૧,૬૦૦ શ્વાસોશ્વાસ ચાલે છે. આ એક એક શ્વાસે પરમાત્મારૂપી મોતી પરોવવાનું છે. આથી જાગૃત રહી, સ્વનો બોધ લેવાનો છે. શ્વાસમાં ચિત્તને પરોવવાનું છે.

યોગ ઉપરાંત તંત્રવિદ્યાનું જ્ઞાન પણ ગંગાસતીને હોય એવી છાપ એમનાં ભજનો પરથી લાગે છે. 'નાભિકમળમાંથી પલન ઉલટાવ્યો, તે ગયો પશ્ચિમની દિશામાંય.' સુરતા ચડી ગઈ શૂન્યમાં આ બધી તંત્રની પરિભાષા તેઓ સહજરૂપે યોજે છે. તેમના ભજનોમાં આચારનિષ્ઠ ભક્તિપ્રધાન રહસ્યવાદ કેન્દ્ર સ્થાને રહેલો જોવા મળે છે. જેમાં આચાર વિચારની શુદ્ધિ, શીલ, સત્સંગ, ગુરુસેવા, તાંત્રિક ફિલસૂફી અને ક્રિયાઓ અંગેના ઉપદેશો આપ્યા છે. 'વચનની શક્તિ'માં વાક્શક્તિનો મહિમા વ્યક્ત થયો છે.

**"ભાઈ રે ! વચન થકી ચૌદ લોક રચાણા**
**વચન થકી ચંદા ને સૂર**
**વચન થકી માયા ને મેદની, પાનબાઈ**
**વચન થકી વરસ સાચાં નૂર."**

તંત્રશાસ્ત્ર અનુસાર શક્તિનો પ્રથમ વ્યક્ત આવિર્ભાવ નાદબ્રહ્મ છે. અશબ્દ બ્રહ્મ શિવની પરમ અવસ્થા છે. જે સ્થિર

અચલ છે. બ્રહ્મસ્વરૂપિણી પરાશક્તિ સૃજનશીલ બનતાં આંદોલન સર્જે છે. આ માયારૂપિણી આંદોલિત શક્તિ સૂર્ય, ચંદ્ર અને અન્ય પુદ્‌ગલો સર્જે છે, અને પ્રલય સમયે આ શક્તિ માયા સંકેલી અશબ્દ બ્રહ્મમાં સમાઈ જાય છે.

'નાડીશુદ્ધિ'માં સ્પષ્ટ રીતે અષ્ટાંગ યોગનું અગત્યનું પગથિયું-પ્રાણાયામ-સૂચવાયું છે. પાંચેય પ્રાણને સંવાદી બનાવવા પર ભાર મૂક્યો છે. 'સૂર્યમાં ખાવું ને ચંદ્રમાં જળ પીવું. એવી ક્રિયાશુદ્ધિમાં યોગિક ક્રિયાઓનો ઉપદેશ આપવામાં આવ્યો છે.'

સૂક્ષ્મ સૂવું, સૂક્ષ્મ ચાલવું. સૂક્ષ્મ વ્યવહાર કરવો. સ્થૂળ ભૂમિકા ત્યજીને સૂક્ષ્મ ભૂમિકા પર રહીએ તો અંતર્મુખ થવાય. વિષયવાસનામાંથી ચિત્તને ખેંચી લેવું. ઈન્દ્રિયો પર વિજય મેળવવો. રજસ્ અને તમસ્ ગુણોનો ત્યાગ કરવો એટલું જ નહિ. સત્ત્વગુણમાં પણ મલિન અને શુદ્ધનો ભેદ છે. એમાં મલિન સત્ત્વગુણનો ત્યાગ કરવો. અંતે તો ત્રિગુણાતીત થવાનું છે. તે જ વિદેહ દશા છે.

આમાં ઉપનિષદનું તત્ત્વજ્ઞાન, વેદાંત અને ગીતાના જ્ઞાનની અલપઝલપ ઝાંખી થાય છે. કબીર કે ગોરખવાણીની જેમ ગંગાસતીની વાણી પણ ગૂઢ તત્ત્વજ્ઞાનનાં રહસ્યોને સ્પષ્ટ કરે છે.

આમ, તેમનાં ભજનોમાંથી ઊપસતું તેમનું વ્યક્તિત્વ વિવિધ પ્રતિભાઓમાં-ભક્ત તરીકે કે માર્ગદર્શક તરીકે, યોગમાર્ગના સાધક તરીકે, તંત્રજ્ઞ તરીકે, આદર્શ ગુરુ અને ગુરુભક્ત તરીકે તેજસ્વી સંતકવિયિત્રી તરીકે આપણી સમક્ષ આવે છે.

**—નીપા ભટ્ટ**



# ॥ પૂજ્ય શ્રી'મા'નો ૪૩મો દીક્ષાદિન ॥

સ્વર્ગારોહણના અનેક પર્વોમાં ૧૯ જાન્યુઆરી શ્રી શ્રી 'મા'નો દીક્ષાદિન એક અદકું મહત્ત્વ ધરાવે છે. ગત વર્ષે તો એ શ્રી શૈલમ્ પવિત્ર પુણ્યભૂમિ પર ઉજવાયો પણ આ વર્ષે તે તીર્થોત્તમ સ્વર્ગારોહણની ભૂમિ પર જ ઉજવાયો. દીક્ષાના અનેક અર્થો થાય છે તે વિવિધ અર્થોમાં ન પડતાં 'दिव' સંસ્કૃત શબ્દ છે. તેના પરથી 'दिश्' શબ્દ સમાનાર્થી બને છે અને 'દીક્ષા એટલે જીવનને જે સાચી દિશા બતાવે તે. સાચા રાહ પર ચલાવે તે.'

શ્રી શ્રી 'મા'ને એકવાર પૂછતાં તેમણે કહેલું કે; ''દીક્ષા' એટલે સ્વીકાર.' પ્રભુએ તો 'મા'ને કહ્યું કે; મારે તમને દીક્ષા આપવી છે. આ 'મા' તો ભલા કંઈ કહ્યા વગર જાણે સહુને દીક્ષિત કરી દે છે ! એમને તો નથી કરવા પડતા સંકલ્પ કે વિકલ્પ કે વિધિ. સહજ તેમના પ્રેમસરોવરમાં સ્નાન કે અવગાહન જાણે એ જ આપણા સહુની દીક્ષા. પ્રભુસ્મરણ, પાઠ, પારાયણ, પ્રદિક્ષિણા, પ્રણામથી કંડારાયેલી કેડી એ જ આપણી 'દીક્ષા અને વિશ્વના કોઈપણ ખૂણે વસનારો યોગેશ્વર પરિવારનો સાધક કયાં આનાથી બાકાત છે ?'

## દીક્ષાદિનની પૂર્વસંધ્યાએ.

**તા.૧૮/૧/૨૦૨૦**

સ્વર્ગારોહણ રાત્રિ બેઠકમાં પૂ.શ્રી'મા' પૂછે છે :

'૨૦૨૦ના સાધના દિનની માનસિક તૈયારી થઈ ગઈ ?' સહુ હકારમાં સંમતિ આપે છે.

'દક્ષિણ ભારતની યાત્રામાં પૂ.શ્રી એ સામે ચાલીને કહ્યું; મારે તમને દીક્ષા આપવી છે પૂ.મોટાના મૌનમંદિરમાં બેસતા ત્યારે દિવ્ય દીક્ષાની વાત વાંચતાં; ત્યારે થતું કે આપણને પણ કોઈ દિવ્ય દીક્ષા મળે તો કેવું સારું ! મનમાં ઝબકેલા આ સાત્ત્વિક વિચારને ઝીલી મહાપુરુષ પ્રત્યુત્તર આપે છે. દીક્ષા તો 'મા'ને મળેલી એમાં તમે બધાં આવા કડક વ્રતો લઈને સાથ આપો છો એ સારી વાત છે.'

દીક્ષાદિને. સવારે સાતથી સાંજે સાત સુધીનું મૌન છે અને તેટલા જ કલાકનો નિર્જળા છે. પૂ.શ્રી'મા':—'હવે તો મૅડિકલ સાયન્સ પણ પોકારી પોકારી કહે છે, ખોરાક ઓછો કરો. સાદો કે સાત્ત્વિક કરો. કૅન્સરના દર્દીઓ માટે પણ ઉપવાસ ઉપયોગી થઈ રહ્યો છે. ૨૦૨૦ના ઉપવાસ સાથે સાધનાના પ્રયોગ સહુ કોઈ કરશે.

દીક્ષાથી પ્રગતિ થઈ કે કેમ ? આ પ્રશ્નના ઉત્તરમાં એટલું કહી શકાય કે મહાપુરુષના સંસ્પર્શમાં અલૌકિક શક્તિ હોય છે. એ સંસ્પર્શ શકવર્તી હોય છે. પરિવર્તન ધરનારો હોય છે આખી કાયાપલટ કરાવીને કૃપાને ઝીલવા સક્ષમ કરનારો હોય છે. અનુભવે તે જાણે, માણે તે લખે અને કહી શકે.

આપણી વચ્ચે શ્રી મુનિભાઈ બેઠા છે તેમણે બહુ લાંબો મૌનનો પ્રયોગ કર્યો છે તો કંઈક પ્રસાદ આપશે. (તેમને બેસીને બોલવાનું કહે છે પછી આ પંક્તિ લખે છે.)

**''બેસી ગાય ત્યાં ઊભો ઊભો સાંભળું**
**ઊભો ઊભો ગાય ત્યાં નાચું રે.**
**પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા.''**



(મુનિભાઈ તે છતાં મૌન રહે છે.)

પૂ.શ્રી'મા'—મૌનનો પ્રસાદ મૌન બીજું શું ? પ્રભુ પણ આપણું મૌન જોઈ મૌન થઈ જાય આ વખતે ઘણાં પદ લખાયાં એમાં એવું પણ લખાયું :

''આસપાસ ઊભો છું જોઉં તારી વાટ.
આઘા ખસે સહુ તો આવું તારી પાસ.
તું મૌન રહે તો તને મારી દિવ્ય વાણી સંભળાવું.''

કાલે મૌન છે જો જો રૂમમાં ખાનગીમાં ગુસપુસ ના કરતા. બને ત્યાં સુધી એકલા જ રહેજો. પોતે જ પોતાને મળજો. જગ આખાને જન્મથી જ મળતા આવ્યા. આપણે આપણને જ નથી મળતા.

આવતી કાલે મૌનમંદિરમાં બેસવાનું છે.'

પૂ.શ્રી'મા':—સમય પ્રમાણે મૌનમંદિરમાં જજો અને સમય થતાં ઊઠીને બહાર આવજો. (હસાહસ થાય છે) ત્રણ ત્રણ બહેનો પછી ત્રણ ત્રણ ભાઈઓ એ રીતે બેસીને ઘણા ભાઈ બહેનો મૌન મંદિરનો લાભ લેવાના છે.

પૂ.શ્રી'મા':—કાલે પણ નવસર્જનનું સંગીત ચાલુ હશે તેના તાલે તાલે જપ કરવાના છે. આપણને ખરેખર કંઈ નડતું નથી. આપણને આપણું મન જ નડે છે. ભલે ઘોંઘાટ વધે કે ઘટે એમાં મારે શું ? એવા મંત્ર જપતાં જપતાં જ સાધના કરવાની છે.

આ 'મા'ના જીવનમાં બધા જ ક્ષેત્રે ધીરેધીરે એનું જ રાજ ચાલી રહ્યું છે. (એનું-પ્રભુનું) આ સ્લેટ પર શું લખવું એ જ જાણે ને એ જ લખાવે. અમે કોઈપણ વાર વિચારતા નથી કે શું લખવું ? એટલે પેન પકડીએ અને લખાઈ જાય છે.

સોળ સ્વજન હતાં તેમાંથી અમને જ પસંદ કર્યા એ અમારું સદ્ભાગ્ય હતું. કાચું કે પાકું, નાનું કે મોટું, અધકચરું કે નામનું સમર્પણ શરૂ થાય એટલે એ રાજાધિરાજ બનીને સંભાળવા માંડે છે.

હવે તમે બધા કાલથી ઊઠવા માંડશો. કામ હોય એટલે જવું પડે સહુને એમ થાય છે મારા વગર નહિ ચાલે તેણે તો જવું પડે. ઘરેથી નીકળો ત્યારે આપણે મૃત્યુ પામ્યા છીએ તેમ માનવું. પાછા ઘરે જઈએ ત્યારે ઉંબરો ઓળંગીને જીવતા થઈ જવું 'હસતા હસતા ખસતા રહો' આ 'મા' જીવીને બતાવે છે. આ 'મા' છ મહિના ભારત છોડતાં રહે છે. તમને સહુને મનમાં થશેકે મા તમારે તો આગળ પાછળ કોઈ નહિ અમારે તો કેટલા વળગણ ! જાતે જ ગુજરી જવું પડે એટલે બધાંને પછી ટેવ પડે.

કૅનેડા હતા ત્યારે સહુને ચિંતા થતી હતી ડરાવતા પણ હતા કે ખૂબ ઠંડી લાગશે સેન્ટ્રલ હીટીંગ પણ નથી. માંદગી આવશે. ન જાવ તો સારું. પણ એ બધા કહેનારા જાણે છે કે અહીં તો હજાર હાથવાળાનું રાજ છે 'મા'નું કંઈ ચાલતું નથી. એ જ્યાં ઉતારે ત્યાં જવાનું એ જે જપાવે એટલું જપવાનું એમાં 'મા'ને શું ?

આજનું કથામૃત પણ ખૂબ સરસ છે. ૨૫/૧/૧૯૮૨ પરિમલ. રીંગરોડ મુંબઈ આજે ત્રણ જૈન સાધ્વીઓ પૂ.શ્રીને મળવા આવે છે. તેઓ પારલાથી ગઈ રાત્રે ચાલતાં આવી જાય છે.

શ્રી મોક્ષરત્નાજી સાધ્વીજીએ પૂ.શ્રીનાં પુસ્તકો વાંચ્યા છે જેથી ચાર વર્ષથી પૂ.શ્રીને મળવા માંગતાં હતા. પરંતુ તેઓને પોતાના નિયમ પ્રમાણે ચાલતાં આવવાનું એટલે આ વર્ષે



મળવાનું શક્ય બન્યું છે.

**પ્રશ્ન :** ઉપવાસ દરમ્યાન આસનો બંધ રાખવાં ?

**પૂ.શ્રી :** હા, પાણી ઉપર ઉપવાસ હોય ત્યારે બંધ રાખવાં.

**પ્રશ્ન :** આપ હિમાલયમાં કયા સ્વરૂપનું ધ્યાન કરતા ?

**પૂ.શ્રી :** હું કોઈપણ રૂપ કે કોઈપણ મંત્રનું ધ્યાન ન ધરતો આંખ મીંચીને બેસું એટલે જ સંકલ્પ-વિકલ્પ વિનાની અવસ્થા સહજ બની જતી.

**પ્રશ્ન :** આપ સમાધિ કોઈને આપી શકો ખરા ?

**પૂ.શ્રી :** સમાધિ કોઈને કરાવવી કે આપવી યોગ્ય નથી. ભૂમિકા વિના તે સમાધિ આપીએ તો પણ તે શું કરશે ? કોઈને આપણે ૫૦ પાઉન્ડ આપીએ પણ તેની ભૂમિકા જ ન હોય તો તે પૈસાને બરબાદ કરશે.

હું સાધના કરતો ત્યારે મને પણ ઘણા કહેતા કે પેલા સમાધિ કરાવે છે ત્યાં તેમની પાસે જાઓ. પણ હું હંમેશાં એમ જ કહેતો કે પ્રભુ તમેજ મને ધીરે ધીરે આગળ લઈ જાઓ ને ભલે થોડીવાર લાગે પણ કોઈકનું ઉછીનું ધન ક્યાં સુધી ચાલે ? સમાધિ કરી શકો તે માટેનાં સાધનો, તે માટેનું માર્ગદર્શન આપીએ.

**પ્રશ્ન :** મારા જીવનનું જે ધ્યેય છે તેને સિદ્ધ કરવા કેટલો સમય લાગશે ?

**પૂ.શ્રી :** તમે બૉમ્બે 'સેન્ટ્રલથી અહીં આવતાં જેટલી ઝડપથી ચાલો એટલા જલ્દી અહીં પહોંચી શકો ને ? તેમ તમે જેટલા ઝડપથી સાધનામાર્ગે અભ્યાસ કરો એટલું એ ધ્યેય નજીક આવે.'

**પ્રશ્ન :** તો પછી નિયતિનો શો અર્થ ?

**પૂ.શ્રી :** જેમ જેમ આપણો પુરુષાર્થ વધે તેમ તેમ નિયતિ પણ ફેરવાય છે. તમે એમ જ માનો કે નિયતિ એ જ છે કે તમે વહેલામાં વહેલી તકે આત્મસાક્ષાત્કાર કરી શકશો. એમ માની તમે પુરુષાર્થ વધારો.

**પ્રશ્ન :** કાયાકલ્પ કેવી રીતે થાય ? આસન પ્રાણાયામથી તે થઈ શકે ?

**પૂ.શ્રી :** કાયાનો કલ્પ કરતાં મનનો કલ્પ કરવાનો છે મનને બદલી નાંખો. મનને પ્રભુમય કરી દો આત્મભાવવાળું, ઉત્તમભાવ ને વિચારોવાળું મન પ્રભુસ્મરણવાળું મન. તો મનનો કલ્પ થાય એટલે થયું.

**પ્રશ્ન :** મનની સાધના માટે અન્ન પવિત્ર જોઈએને ?

**પૂ.શ્રી :** સાધનાની શરૂઆતમાં સાત્ત્વિક અન્ન જ જરૂરી છે. તમારે તો ભિક્ષાનો નિયમ એટલે, પણ એમાં પણ તે ભિક્ષા તમે લાવો પછી પ્રભુને અર્પણ કરો ને તેને પ્રસાદ 'મા'ની ખાઓ તો તે અન્ન સાત્ત્વિક થઈ જશે. પ્રભુ તમારે જેવું અન્ન જોઈએ છે તે ઘરે જ ભિક્ષા માટે લઈ જશે. એની ચિંતા ના કરશો.

**પ્રશ્ન :** મારી પ્રેરણાથી એક જૈન દેરાસર બંધાવવાનું છે તે બંધાશે કે નહિ ?

**પૂ.શ્રી :** એ બધી ચિંતા આપણે શા માટે કરવાની ? આપણે તો ત્યાગ કર્યો, તો પ્રભુને જ હવે યાદ કરો. દેરાસર થાય તો પણ શું ને ન થાય તો પણ તમારે શું ? અંતરંગ સાધના જ વધારો.

**પૂ.શ્રી'મા' :** આસનોની જરૂરના પ્રશ્નના જવાબમાં પૂ.શ્રી



'મા' પણ લખે છે. છેવટના શ્વાસસુધી પ્રણામનો વ્યાયામ કરવો પડશે. યોગતીર્થના કલાકાર મયૂરભાઈ આવેલા તે દિવસે 'મા' સાથે સાત પ્રણામ કરવાના હતા. હેમલભાઈ તેમને પ્રણામ માટે લઈ આવ્યા. ત્રણ પ્રણામે તો તેમને બધું જ દુ:ખવા માંડ્યું (શરીર) તેઓ શ્રી હેમલભાઈને પૂછે કે આ 'મા' કેટલા પ્રણામ કરે ? કેટલા સમય સુધી કરે ? હેમલભાઈએ કહ્યું દરરોજ ૨૨૫ પ્રણામ ૪પ મિનિટ સુધી કરે. આ 'મા' ૭૭ના થયા છે.

પ્રભુ ઝુકાવે છે તો ઝુકશું. આરોગ્ય વિષે જાગૃતિ જે ઝૂકશે તે જરૂર પામશે.

**પ્રશ્ન :** પૂ.શ્રીને

આપ ધોવાનાં કપડાં કેમ ગડી વાળીને આપો છો ?

**ઉત્તર** : એ વસ્ત્રો આપણી સેવા કરે છે તો એટલું સન્માન તો આપવું પડે ને !

**પૂ.શ્રી'મા' :** સત્યપથમાં પંખો એક બે કલાક એકધારો ચાલે તો પૂ.શ્રી થોડીવાર માટે બંધ કરાવી દે પંખાને પણ થાક લાગે એ મહાપુરુષની કેવી સમજ ! કેવી દૃષ્ટિ ! સર્વતત્ત્વમાં કેવો સમભાવ ! એકવાર પૂ.શ્રી સંડાસમાંથી ૧ સેકંડમાં બહાર આવ્યા. અને પૂછ્યું શું થયું ? કહે; 'ટબમાં કીડીઓ છે ભલે ફરતી પાણી રેડીએ તો તેનો જીવ જાય. આપણે તે જતી રહેશે પછી જશું.'

સત્યપંથમાં ભોજન સમયે વચ્ચે બે પાટલા હોય અને સામસામે બે આસન હોય એકવાર આસન પાસેથી ચાલતાં પૂ.શ્રીનો આસનને પગ લાગી ગયો. તો તરત જ આસનની ક્ષમા માંગતા હોય તેવો અભિનય કર્યો કે આસન આપણી કેટલી બધી

સેવા કરે છે અને એ આસન તો તમારું. (પૂ.માનું).

પૂ.શ્રી એટલે હરતી ફરતી જ્ઞાનપીઠ કે શક્તિપીઠ !

**(૧૮/૧/૨૦૨૦ ની નોંધ પૂર્ણ)**

★

**દીક્ષાદિન ૧૯/૧/૨૦૨૦**

આજે સ્વર્ગારોહણનો સાધનાદિન. નિર્જળા અને મૌનસાધનાદિન છે. દરેક ક્રિયા કે નિત્યકર્મ ચાલે છે પણ મૌનથી. વંદના પણ માત્ર હાથ જોડી મૌન રહી કરવાની છે. પ્રણામ સમયે પણ પૂ.'મા' માત્ર ૐકારના મંત્રગાનથી કરાવે છે. મૌન મંદિરના સાધકો તેમના નિયત સમય પ્રમાણે જાય છે. એ અલૌકિક દિવ્ય વાતાવરણનો લાભ લઈ કૃતાર્થતા અનુભવે છે.

આજે બપોરે ૧૧ વાગ્યાની બેઠકમાં પૂ.શ્રીનું 4k Digital દર્શન છે. ઉપર બનાવેલા ડોમમાં આધુનિક ૩૦ની બેઠકવાળું થિયેટર છે. તેમાં પગનાં મોજાં પણ ઉતારીને જવાનું છે. પૂ.શ્રી અને પૂ.'મા'ના દિવ્યદર્શનનો લાભ સહુને મળે છે સાદી D.V.D અને ડીજીટલ ફિલ્મ વચ્ચેનો ફરક માલૂમ પડે છે તે પાછળ હેમલભાઈનો અથાગ પરિશ્રમ માલૂમ પડે છે. 'મા'એ સાધકોને ધરેલું auditorium એ એક વિશિષ્ટ ઉપહાર છે. સૌ પ્રેમથી નિહાળે છે.

ત્યાર પછી શ્રી શ્રી 'મા' કૃપાવર્ષા વરસાવે છે. પોતાના દ્વાર અને સામેના દ્વાર ખુલ્લાં રખાવી બાળકોને દર્શન આપતાં આપતાં જપસાધના કરે છે. કરુણાની આ ચરમ સીમા છે સાધકોને જે પામવાનું છે તે જપતાં-જપાવતાં એ પવિત્ર દર્શન ધરતાં રહે છે. જે માંગો તે મળશે. 'મા' તો આશુતોષ છે વર આંખ મીંચતાં આપે છે દર્શન આપે વર આપે ને ઇચ્છા સર્વ પૂર્ણ કરે. દીર્ઘ સમય સુધી તે સાક્ષાત્કાર ચાલુ જ રહે છે.

બપોરના સમયે યુવાન ભાઈ બહેનો જ્યાં કામ ચાલી રહ્યું છે, તે બહેનોના વિભાગમાં શ્રમયજ્ઞ કરે છે ત્યાં સેવા સાધના અને અતિ કડક નહિ એવું મૌન તેનો ત્રિવેણી સંગમ છે સહુ પ્રદક્ષિણા, માળા, પાઠ, પારાયણમાં મગ્ન છે. જાણે આ જ સ્વર્ગારોહણની કૃતજ્ઞતા. મહાપુરુષના પવિત્ર પાદસ્પર્શથી પરિપ્લાવિત થયેલી અને શ્રી શ્રી 'મા' પવિત્ર સંસ્પર્શથી અભિષિક્ત થયેલી આ ભૂમિને મૌન વ્રતે ચૂકવેલું શ્રેષ્ઠ નજરાણું હતું. સ્વર્ગારોહણને અપાયેલી અનુપમ ભેટ જે કદાચ આ ભૂમિ ઝંખતી હશે.

સાંજે સાત વાગે સહુના વ્રતનિયમ પૂરા થાય છે.

**રાત્રિ બેઠક**

**પૂ.મા :** આજે સહુના વિશેષ નિયમો પૂરા થઈ ગયા.'મા'ના જ નથી થયા. હવે આ રીતે 'મા'એ જપમાં જોડાવું પડશે. તમે બધા તો એક દિવસ કરી દો છો અમારે એવું ના ચાલે.

આવતી કાલે એકાદશી છે. ૧૨ થી૪ મૌનસાધના કરવી છે. સાધનાના નામે રોજ કંઈક કરતા રહેવું.

'દીક્ષા મળી પછી પૂ.શ્રીનો રૂમ છોડી અમે તો અમારા રૂમમાં આવી ગયા. રૂમમાં ૩ બહેનો હતી. આખી રાત ઊંઘ ના આવી. જાણે ઊંઘ ઉડી ગઈ. સતત એ દીક્ષાનું દશ્ય સામે રહ્યું. મંત્રદીક્ષા વખતે જાણે સમાધિદશાની અમુક ઝાંખી અનુભવવા મળી. અને એ પછી પણ એ ચેતનાનો પ્રસાદ તન-મન-અંતરને ઝંકૃત કરતો રહ્યો.

સવારની બેઠકમાં પૂ.શ્રીએ પૂછ્યું પણ ખરું; દીક્ષાનું

પરિણામ એમને જાણવું પણ હશે. આ તો પેલો વીજળીનો થાંભલો પડીને આપણે એકાદ તાર હાથમાં લઈ લઈએ તો તન મન અંતર ઝંકૃત થઈ જાય. કરંટ લાગી ગયો. આ કરંટથી આ 'મા' સર્વેશ્વરી બની ગયા. એકાદ તાર પકડાઈ જાય તો બેડો પાર ! ''એક જ દે ચિનગારી'' કવિએ સાચે જ એક જ ચિનગારી માંગી છે. જો થાંભલો આખો તાર સાથે પકડાઈ જાય તો જિરવી ના શકાય. મરણને મળવું પડે. તે રીતે મહાપુરુષના સંસ્પર્શનો એક કણ પણ અધધ થઈ પડે. જેવી જેની ક્ષમતા તેવી તે જીરવી શકે. ઝીલી શકે. માંગ્યા વગર મળેલી એ દીક્ષા અનંત જન્મોના પૂ.શ્રીના કાર્યક્રમમાં લખાયેલી હશે. જે હશે તે. આપણે એક એવા સમર્થ સંત માણ્યા, આંખથી માણ્યા, કાનથી માણ્યા, અક્ષરદેહથી ઉકેલવાના પ્રયત્ન કર્યા.'

આ પછી પૂ.શ્રી 'મા'ની જપયાત્રા શરૂ થાય છે રાત્રે સહુ જાણે શયનઆરતીના એ દર્શનમાં ભાગીદાર થઈ એ દિવ્ય દર્શનનું આંજણ આંજી આ પવિત્રદિનનો પ્રસાદ પામી પોતાની ધન્યતા પ્રમાણી કંઈક ઝંકૃત થઈ દિવ્ય દિનની પૂર્ણાહુતિ કરે છે.

હે મા ! કૃપા કરજો. દર્શન દેજો.

''દર્શન મળતાં સર્વ મળે ને ના મળતાં સઘળુંયે ટળે, કૃપા તમારી કૃપાપાત્રને ઇચ્છા સર્વે પૂર્ણ કરે.''

આપનાં જ દર્શન-સ્પર્શન-આશિષના અભિલાષી બાળકોની એજ સાત્ત્વિક પ્રાર્થના ! સહુના લક્ષકોટિ પ્રણામ !

**—શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી**



# ।। સાધના : એક વૈજ્ઞાનિક અભિગમ ।।

પૂ.શ્રી યોગેશ્વરજી અને પૂ.શ્રી 'મા' સર્વેશ્વરીજીએ જે આધ્યાત્મિક સાધના કરી છે તે દરમિયાન તેઓશ્રીને જે અનુભૂતિઓ થાય છે તેની ચકાસણી તેઓશ્રી અનેક રીતે કરી જુએ છે અને પછી જ તેને લખાણમાં મૂકે છે. ચકાસણી કરવાનો સ્વભાવ વૈજ્ઞાનિક છે. સાધના પ્રતિ તેઓનો અભિગમ વૈજ્ઞાનિક હોય છે.

પૂ.શ્રીનું એક પદ છે,

''શું માગું રે શું માગું ?
કહે તારી પાસે તે શું માગું ?''

તેની અંતિમ પંક્તિમાં પૂજ્યશ્રી કહે છે : માગું તો એક તારું મનડું માગું અહીં પૂજ્યશ્રી પરમાત્માને કહે છે મારે કંઈ નથી જોઈતું મને જોઈએ છે તો તારું મન. મને તારું મન આપ. ભગવાનના મન જેવું મન. એકવાર મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને કહ્યું, મારે બધા લોકોની જેમ ભગવાન વિશે નથી જાણવું. મારે એ જાણવું છે કે

**How God Thinks**
**How God Sounds**
**And How God experiences**
**I want-God's mind**

આ વૈજ્ઞાનિક માણસ પણ ભગવાનનું મન જ માગે છે.

એટલે કે વૈજ્ઞાનિક મગજની વિચારવાની રીત અને પ્રભુજીની વિચારવાની રીત એક સરખી છે.

આપણે સૌ જાણીએ છીએ કે પૂ.શ્રી'મા'ને બાળપણથી પ્રકાશ દર્શન થતું હતું અને હવે સાધનાના ફળસ્વરૂપ પણ અનેકવાર પ્રકાશદર્શન થાય છે. જ્યારે પૂ.શ્રી'મા'ને પ્રકાશદર્શન થાય ત્યારે

પૂ.શ્રી'મા' બન્ને હાથ જોડીને પ્રણામ કરે છે અને પ્રાર્થના કરે છે, 'હે પ્રકાશસ્વરૂપ પરમાત્મા આપને પ્રણામ.'

એકવાર પૂ.શ્રી'મા' વિચારે છે કે આ પ્રકાશદર્શન થાય છે ત્યારે એ પ્રકાશને હાથમાં પકડીએ તો કેવું !

હવે પૂ.શ્રી'મા'ની એક અનુભૂતિની વાત. એકવાર પૂજ્ય શ્રી'મા' મહાબળેશ્વરના સ્થાનમાં બિરાજમાન હતાં. એ દિવસે પૂ.શ્રી'મા'ને પ્રકાશદર્શન થયું. આ પ્રકાશદર્શનમાં તણખા જેવા પ્રકાશકિરણો પણ નીકળતા હતાં. અને શાંત પણ થતાં હતાં. પ્રકાશદર્શન થતાં જ પૂ.શ્રી'મા' આ પ્રકાશને પકડવા દોડે છે. પ્રકાશને હાથમાં પકડવાના પ્રયત્નો કરે છે પણ પ્રકાશ હાથમાં પકડાતો નથી આપણે સૌ જાણીએ છીએ કે ૧૮મી સદી પૂર્વે થૉમસ આલ્વા એડિસન નામના વૈજ્ઞાનિક થયા. તેમને આકાશમાં થતી વિજળીને જોઈને વિચાર આવતો કે આપણે આ વીજળી ઉત્પન્ન કરી શકીએ કે નહિ ? ૧૦,૦૦૦ પ્રયોગને અંતે તેમણે વીજળી ઉત્પન્ન કરી. વીજળી ઉત્પન્ન તો થઈ પ્રયોગશાળામાં, પણ વેડફાઈ જતી લાગી. એટલે તેમને વિચાર આવ્યો કે આ વીજળી હાથમાં પકડી શકાય કે નહિ ? બીજા ૧૦,૦૦૦ પ્રયોગને અંતે તેમણે વીજળીને કેપ્ચર કરી અને બલ્બ અને ટ્યુબલાઈટ અસ્તિત્વમાં આવ્યા.

આમ, થૉમસ આલ્વા એડિસન પ્રયોગો દ્વારા વીજળીને ઉત્પન્ન કરી હાથમાં પકડવાની વાત કરે છે અને પૂ.શ્રી'મા' સાધનાના પ્રયોગો દ્વારા સાધનાની ફળશ્રુતિરૂપે પ્રકાશ દર્શન પ્રાપ્ત કરી પ્રકાશને પકડવાની વાત કરે છે. છે ને પૂ.શ્રી'મા'નો વૈજ્ઞાનિક અભિગમ !

**–શ્રી દર્શના ત્રિવેદી**



# ॥ બહેનોની પદયાત્રા ॥

પદયાત્રાનું નામ સાંભળીને જ સૌ આનંદિત થયા. સૌ ખૂબ જ ઉત્સાહિત હતા. કારણ કે અમને ખબર હતી કે આ યાત્રા ફક્ત શારીરિક ન હતી પણ મનથી પણ યાત્રા કરવાની હતી અને મા-પ્રભુ પાસે પહોંચવાની આ યાત્રા હતી. તા.૦૮/૦૨/૨૦૧૯ સવારે બ્રહ્મપુરીમાં ૨ બાવની ૩ પ્રાર્થના અને ૧૧ પ્રણામ કરી સૌ ગાડીમાં બેસી સૌ પ્રથમ વિરેશ્વર પહોંચ્યાં. જ્યાંથી યાત્રા શરૂ થવાની હતી. વિરેશ્વર મહાદેવનું અતિ રમણીય મંદિર છે અહીં આજુબાજુ લીલોતરી અને ખૂબ જ શાંતિ છે અહીંયા ૬૦-૬૨ જેટલી બહેનો (પદયાત્રીઓ) ભેગા થયા અને પૂ.'મા'ના સૂચન અનુસાર ૨૫ પ્રણામ સૌએ પ્રાર્થના સાથે સમૂહમાં કર્યા, પછી દૂધ-નાસ્તો કર્યો. સૌને પ્રસાદમાં કાઉન્ટર અને ૐ'મા' લખેલી cap પણ મળી. ડ્રેસકોડ સૌનો white હતો અને ૐ'મા'ની cap પણ સૌ એ પહેરી જ હતી વિરેશ્વરથી બ્રહ્મપુરી વચ્ચેનું અંતર ૨૬ કિ.મી. છે. જે સર કરવા અમો સૌ પ્રતિબદ્ધ થયાં.

લગભગ ૮.૪૫ A.M વાગ્યે મંત્રગાન અને વરદહસ્તની પ્રાર્થના સાથે અમારી આ યાત્રા વિરેશ્વરથી શરૂ થઈ. સૌ પ્રથમ ૧૪ કિ.મી. અંતર સળંગ કાપવાનું હતું. સૌ યાત્રીઓ એક સાથે, શિસ્તબદ્ધ રીતે, મૌન રાખી પોતાના જપ, પ્રાર્થના કે અંગત નિયમ લઈને ચાલવા માંડ્યા. આ યાત્રા જાણે સમૂહમાં કરવાની પણ સ્વ સાથેની યાત્રા હતી.

પહેલું સળંગ ૧૪ કિ.મી.નું અંતર કાપીને ગોરલ નામના ગામ આગળ લગભગ ૧૨.૩૦ જેટલો પહેલો હૉલ્ટ લીધો ત્યાં એક સરસ વાડી જેવું હતું. લીલોતરી ખૂબ જ હતી ખૂબ જ સરસ, શાંતિવાળી તે જગ્યા પર બપોરનું ભોજન લઈને લગભગ ૧.૩૦ P.M એ ચાલવાનું શરૂ કર્યું. બીજું અંતર ૧૨ કિ.મી.નું હતું. સૌ ધૂન-ભજનની અંતાક્ષરી ગાતાં ગાતાં રસ્તો ક્યાંય કપાવા માંડ્યો તેની ખબર જ પડી નહિ. આપણા સેવક ભાઈઓની ગાડી સતત સાથે ને સાથે જ હતી.

જ્યારે પણ કોઈને પાણી, જ્યુસ કે ચૉકલેટ જોઈએ તો તે સર્વ વસ્તુ સમયસર પૂરી પડાતી હતી બપોરનો સમય તો હતો પણ પ્રકૃતિ પણ જાણે અનુકૂળ થઈ ગઈ હતી. કહેવાય છે ને કે યાત્રાના સૂત્રધાર 'મા'-પ્રભુ સ્વયં હોય તો તેમનાં કોઈપણ બાળક પર એક આંચ આવવા દેતાં નથી એ ખરેખર સત્ય પુરવાર થતું સૌએ અનુભવ્યું. ચાલવાનો રસ્તો ખૂબ જ સરસ હતો. આજુબાજુ ખેતરો, લીલોછમ હરિયાળી આમ આ સુંદર પ્રકૃતિમાં પ્રભુસ્મરણ સાથેની આ રમણીય યાત્રા હતી.

વિરેશ્વર, કાલવાન, કેશરપુરા, ચોરીવાડ, ચોટાસન, લક્ષ્મણગઢ, અબડાસન, ગોરલ, કાનપુર અને ગીધમજી આટલાં ગામ પસાર કરી બ્રહ્મપુરી ફક્ત ૧ કિ.મી. બાકી હતું ત્યાં હૉલ્ટ લીધો અને ત્યાંથી શ્રી ગૌજણેશ્વર મહાદવનું મંદિર તથા શ્રી જેશીંગબાપાની સમાધિસ્થળનાં દર્શન કર્યાં અને ત્યારબાદ બાકીની ૧ કિ.મી.ની યાત્રા સૌએ શરૂ કરી અને લગભગ ૫.૩૦ P.M. એ તો બ્રહ્મપુરી પહોંચી પણ ગયા.



યાત્રાળુઓમાંથી ઘણાં પહેલી વાર ચાલનાર હતાં. વળી ઘણાં ચાલતાં હોય પણ એકસાથે-વધારે કિ.મી. ચાલનાર પહેલીવાર હતા, ત્યારે વળી કોઈ શારીરિક તકલીફ હોવાં છતાં ચાલનાર હતાં. બધાંના અલગ અલગ અનુભવ હતા. પણ જ્યારે યાત્રા પૂર્ણ થઈ અને સૌએ ભેગા મળીને,

"ધન્ય ધન્ય ગુરુદેવ પ્રભુ, કાર્ય અમારું સફળ કર્યું."

પ્રાર્થના કરી ત્યારે સૌના દિલમાં એક ભાવ હતો. કોઈની આંખમાં અશ્રુ હતાં બધાંની શ્રદ્ધા-ભક્તિ, પ્રાર્થના સાથે દૃઢ થયેલી જોવા મળી. વાહ પ્રભુ ! તમે કરી બતાવ્યું ! આપણને થાય કે મા સાહસયાત્રાઓ શા માટે કરાવે છે ? જીવનમાં ધારો તે કરી શકો તમારામાં શક્તિ અપાર છે. તેવું દૃઢ મનોબળ રાખી ઉજાગર કરવાની જરૂર છે. આમ પદયાત્રા હોય કે જીવનયાત્રા પ્રભુમાં શ્રદ્ધા, ભક્તિ રાખી જો આગળ વધીશું તો અવશ્ય સફળ થવાશે જ. પ્રભુ તે યાત્રા પૂર્ણ અવશ્ય કરાવે જ છે.

આમ મા-પ્રભુની કૃપાથી કોઈને પણ કોઈ પણ જાતની તકલીફનો સામનો કર્યા વગર સુરક્ષિત રીતે યાત્રા પૂર્ણ થઈ. આપણાં સત્સંગી સ્વજન ભાઈઓનો પણ ખૂબ સહકાર મળ્યો. યાત્રા દરમિયાન તો ખરો જ પણ બ્રહ્મપુરીમાં પણ શ્રીઅજયભાઈ, સતિષભાઈ અને રાજીવભાઈના સહકાર અને સેવાથી આ યાત્રા વધુ સરળ બની શકી.

બીજે દિવસે જ્યારે સ્વર્ગારોહણ પહોંચ્યા ત્યારે પૂજ્ય'મા'નાં સૂચન અનુસાર સૌ દ્વાર પર પ્રભુને પ્રણામ કરી

કુટિયામાં પ્રભુને પ્રણામ અને પ્રદક્ષિણા કરી સંતદર્શનમ્ DVD દર્શન કરી બપોરની સત્સંગ બેઠકમાં પહોંચ્યા 'મા'એ પૂછ્યું યાત્રાનું લીડર કોણ હતું ?

'મા' કહે : 'કોઈએ વિચારવાનું જ નથી. સઘળી યોજના પ્રભુની હતી તો જ તમે ચાલી શક્યાં. ગાઈ શક્યા.' અને ખરેખર આ વાત સૌએ યાત્રામાં અનુભવી જ.

હે 'મા'! આપને એટલી જ પ્રાર્થના છે. આવી સાહસયાત્રાઓ કરાવતાં રહેજો. તેનાથી અમારામાં ખૂબ જ હિંમત આવે છે. ઉત્સાહ વધે છે. કંઈક જીવનમાં પણ નવું કરવાની પ્રેરણા મળે છે. યાત્રા દ્વારા અમે 'સ્વ'ને સમય આપી શકીએ છીએ. 'સ્વ' ને જાણી શકીએ છીએ. અમારામાં રહેલી શક્તિનું પ્રમાણ પણ કાઢી શકીએ છીએ. માટે Thank you Maa-prabhu. આવી યાત્રાઓ કરાવતાં રહેજો.

આમ, અમારી આ યાત્રા સ્વર્ગારોહણમાં પૂ.'મા'ના દર્શનથી પૂર્ણ થઈ.

**–શ્રી દિશા ટેલર**

---

'પ્રકાશ તમારી વચ્ચે થોડો સમય છે. પ્રકાશ છે ત્યાં સુધી ચાલતા રહો. નહિ તો અંધકાર તમને ઘેરી વળશે. તમારી વચ્ચે પ્રકાશ છે ત્યાં સુધીમાં તેના ઉપર વિશ્વાસ મૂકો; જેથી તમે પ્રકાશમય બની જાઓ.'



## ।। એક ઝેન કથા ।।

### અંતરાત્મા જાગે છે ત્યારે...

ઝેન ગુરુ પાસે એક સાધુ આવ્યો. પ્રશ્ન પૂછ્યો : પ્રભુને મેળવવાનો માર્ગ કયો ? ગુરુએ સૂર્યાસ્ત તરફ આંગળી ચીંધી કહ્યું : 'સૂરજ હવે આથમી રહ્યો છે.' સાધુને થયું; 'આ તે કેવો જવાબ ?' પણ પછી તેણે ઊઠીને નાસવા માંડ્યું; અનુભવ્યું કે; 'ગુરુનો જવાબ મને બરાબર પહોંચી ગયો છે. મારું જીવન પણ આથમી રહ્યું છે.' એ પોતાની ઝૂંપડીમાં બેસી ગયો. ચોટ બરાબર લાગી ગઈ.

એ સાધુને જ્યારે લાગ્યું કે, 'બસ હવે હું પણ ડૂબી રહ્યો છું.' ત્યાં ગુરુ એની પાસે આવ્યા, પૂછ્યું; 'રાતે તમે કાંઈ જોયું-અનુભવ્યું ?' સાધુએ કહ્યું, 'હા, જુઓ, જુઓ સૂરજનો પ્રકાશ આવી રહ્યો છે! અંધકાર દૂર થયો છે.'

ગુરુએ માથે હાથ મૂકી, આશિષ આપી કહ્યું; 'કલ્યાણ થાઓ.'

**–શ્રી નીલરત્ન દેસાઈ**

---